પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૯/૧૦/૨૦૨૩, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ આસો સુદ-૫ વર્ષ : ૧૫ અંક : ૨૫૭

**સુવિચાર**

શાળા અને કોલેજમાંથી મેળવેલી વિદ્યા, જ્ઞાન, કેળવણી, સદ્‌વિદ્યા જીવનનું ભાતું બનીને રહે છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭




## નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ સંચાલિત ગોળ હોસ્પિટલનાં પટાંગણમાં સુવિધા સાથે

# અમરેલીમાં આજે મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલનો પ્રારંભ

**જિલ્લાની જનતાને હવે સ્થાનિક કક્ષાએ જ આધુનિક સારવાર મળતી થશે**

**ગોળ હોસ્પિટલનાં વિકાસ માટે જીવનપર્યંત સક્રીય રહેલ સ્વ. મોટાભાઈ ગાંધીનું સ્વપ્ન થયું સાકાર**

**કેન્દ્રીય મંત્રી રૂપાલા, ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી અને નાયબ દંડક કૌશિક વેકરિયાની ઉપસ્થિતિમાં થશે પ્રારંભ**

**નેત્ર ચિકિત્સા ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ અને કર્મચારીઓ દ્વારા તડામાર તૈયારી કરવામાં આવી**




અમરેલી, તા. ૧૮

અમરેલી ખાતે વર્ષોથી કાર્યરત નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ સંચાલિત રાધિકા હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ)નાં પટાંગણમાં નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ ધ્વારા આધુનિક સુવિધાસભર મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવેલ છે. જેનો પ્રારંભ આવતીકાલ ગુરૂવાર તા. ૧૯/૧૦નાં રોજ કેન્દ્રીય મંત્રી રૂપાલા, ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી, નાયબ દંડક કૌશિક વેકરિયા ધ્વારા કરવામાં આવી રહ્યો છે.

અમરેલીનાં દર્દી નારાયણની સેવા માટે જીવન પ્રર્યંત સક્રીય રહેલ સ્વ. મોટાભાઈ ગાંધીનું સ્વપ્ન સાકાર થવા જઈ રહ્યું છે. નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ ધ્વારા હોસ્પિટલમાં તત્કાલ સારવાર તેમજ ટ્રસ્ટ ટયુબ સેન્ટર, હાર્ટ, કીડની સહિતનાં અનેક રોગોની આધુનિકઢબે રાહતદરે સારવાર આપવામાં આવશે.

ઘણા સમયથી હોસ્પિટલનું નિર્માણ કાર્ય શરૂ હોય તમામ ટ્રસ્ટીઓ ઉપરાંત કર્મચારીઓ ધ્વારા દિવસ-રાત જહેમત ઉઠાવીને દર્દીનારાયણનાં હિતમાં ઉત્તમ સેવા શરૂ કરવામાં આવી રહી હોય મિત્રો, શુભેચ્છકો ધ્વારા પણ નેત્ર ચિકિત્સા ટ્રસ્ટને શુભકામના પાઠવવામાં આવી રહી છે.

## મલ્ટી સ્ટેશ્યાલીટી હોસ્પિટલનો પ્રારંભ થવા જઈ રહ્યો હોય અમરેલીનાં હિતમાં જીવનપર્યંત સક્રીય રહેલ સ્વ. મોટાભાઈ ગાંધીનું સ્વપ્ન થયું સાકાર

**શિક્ષણ, રેલ્વે સહિત અનેક પ્રશ્ને તેઓએ લડત ચલાવી હતી**

અમરેલી, તા. ૧૮

અમરેલીનાં ઉદ્યોગપતિ, ચેમ્બરનાં પ્રમુખ તરીકે જિલ્લાનાં જુદા-જુદા પ્રશ્નોને લઈને લડત ચલાવીને બાદમાં શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરીને જીવન પર્યંત સક્રીય રહેલ સ્વ. મોટાભાઈ ગાંધીનું સ્વપ્ન હતું કે ગોળ હોસ્પિટલનાં પટાંગણમાં જ આધુનિક સારવાર દર્દીનારાયણને રાહતદરે મળી રહે તે માટે મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલનું નિર્માણ શરૂ કરાવ્યા બાદ આવતી કાલે હોસ્પિટલનો દબદબાભેર પ્રારંભ થઈ રહ્યો હોય સ્વ. મોટાભાઈનું સ્વપ્ન સાકાર થયું છે.






24/7 Emergency Services
LEVEL-3 NICU | LEVEL-3 ICU | IVF CENTER
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust Amreli
NCT CANDOR
IVF CENTER (ટેસ્ટ ટ્યૂબ સેન્ટર)
મંગલ શુભારંભ
અમરેલી જીલ્લાની LEVEL-3 NICU,
LEVEL-3 ICU અને IVF CENTER
ધરાવતી અને અતીઆધુનિક ટેક્નોલોજીથી સજ્જ
મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલનો મંગલ શુભારંભ
તારીખ: ૧૯/૧૦/૨૦૨૩, ગુરુવાર




નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦
લેબોરેટરી, ડીઝીટલ એક્સ-રે, મેડિકલ સુવિધા રાહતદરે ઉપલબ્ધ.
બાલસખા યોજના, આયુષ્માન ભારત યોજના, ચિરંજીવી યોજના દ્વારા ફ્રી સારવાર ઉપલબ્ધ.

## શ્રમિક પરિવારનાં મોભી અને તેમની પત્નીએ કુદરતી રીતે વિદાય લીધી

# લાઠીનાં સગીરવયનાં ૪ બાળકોએ માતા–પિતાની છત્રછાયા ગુમાવી

હતભાગી પરિવારનાં ૪ બાળકો નિરાધાર બનતા દેવીપૂજક ફેડરેશનનાં અગ્રણી વિજયભાઈ મદદે આવ્યા

નાયબ કલેકટર પટ્ટણી, મામલતદાર, સમાજ સુરક્ષા અધિકારી વિગેરે મુલાકાતે પહોંચ્યા

અધિકારીએ રૂપિયા ૫ હજારની ધનરાશિ અર્પણ કરીને માણસાઈનાં દિવાનું પ્રાગટય કર્યુ

સરકાર તરફથી મળતી જે કોઈ સહાય હશે તે ઝડપથી મળે તેવા પ્રયાસની ખાત્રી આપવામાં આવી



અમરેલી, તા. ૧૮

લાઠી તાલુકાનાં ખોડીયાર નગર સબ સ્ટેશન પાછળના સીમાડાના વિસ્તારમાં ઝુંપડામાં વસવાટ કરતા દેવીપુજક સમાજના સગીર વયના ચાર બાળકોએ પોતાના માતા–પિતાની છત્રછાયા ગુમાવતા ભારે અરેરાટી પ્રસરી જવા પામી હતી. તથા સગીર વયના ચાર બાળકો નિરાધાર બની જતા ઘેરી કરૂણતા વ્યાપી જેવા પામી હતી.

આ અંગે સુમાહિતગાર સૂત્રો દ્વારા સાંપડતી માહિતી અનુસાર લાઠી શહેરના ખોડીયાર નગર સબ સ્ટેશન પાછળના સીમાડાના વિસ્તારમાં કાચા અને જર્જરિત થયેલા ઝુંપડામાં રહેતા પ્રવીણભાઈ પરસોતમભાઈ સાથળિયાનું ત્રણેક માસ પહેલા ગંભીર માંદગી સબબ દુ:ખદ અવસાન થતા તેમના ધર્મ પત્ની જીલુબેન પ્રવીણભાઈ સાથળિયા પર તેમના સંતાનો વિક્રમ (ઉંમર વર્ષ ૯), આકાશ (ઉંમર વર્ષ ૧૧), પુત્રી સોનલ (ઉંમર વર્ષ ૧૩) તથા હિરલ (ઉંમર વર્ષ ૧૫) ના ઉછેર અને ભરણપોષણની કપરી જવાબદારી આવી પડી હતી. પતિના દુ:ખદ અવસાનનાં ઘેરા શોકમા ગરકાવ જીલુબેને પણ ગત તારીખ ૧૧/૧૦/૨૦૨૩ ના રોજ અનંતની વાટ પકડી અંતિમ પ્રયાણ કર્યું હતું !!! આથી હતભાગી અને કમનસીબ સગીર વયના ચાર બાળકો નિરાધાર અને અસહાય થયા હતા. જેની જાણ સૌરાષ્ટ્ર દેવીપુજક ફેડરેશનના બોટાદ સ્થિત વિજયભાઈ સાથળિયા તથા બાબરાના પ્રકાશભાઈ જસાણીયાને થતાં સ્થળ તપાસ કરીને બાળકોની સ્થિતિનો કયાસ મેળવ્યો હતો તથા અમરેલી જિલ્લા વહીવટી તંત્રને કરૂણ ઘટનાની જાણ કરતા એડિશનલ કલેકટર વિજયભાઈ પટણીએ અનાથ બાળકો પ્રત્યે જિલ્લા વહીવટી તંત્ર પૂરી સંવેદના સાથે હોવાનું જણાવીને સહૃદયતા અને સહાનુભૂતિપુર્વક બાળકોની મુલાકાત લઈને સમગ્ર સ્થિતિનો કયાસ મેળવ્યો હતો. નિરાશ્રિત થયેલા ચાર બાળકો પ્રત્યે નવરાત્રી પર્વમા માનવ્ય પુર્ણ અભિગમ દાખવીને ઝુંપડા ની મુલાકાત લઈ સ્થાનિક મામલતદાર કચેરી તથા જિલ્લાના સમાજ સુરક્ષા વિભાગના સંકલન સાથે બનતી ત્વરાએ યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, બાળકોના વસ્ત્રો અને ખાણીપીણીની વ્યવસ્થા હેતુ પટ્ટણીએ રૂા. ૫૦૦૦ની રાશિ અર્પણ કરી ને 'માણસાઈના દિવા'નું પ્રાગટય કર્યું હતું. આ પ્રસંગે લાઠી મામલતદાર અક્ષર વ્યાસ, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી રવિન્દ્રસિંહ ખેર, વિશાલભાઈ જોશી તથા ભીખુભાઈ સોલંકી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---


### જિલ્લા મેજીસ્ટ્રેટના પાસા વોરંટનાં આધારે

## ધારીનાં માણાવાવ ગામનાં ઈસમને પાસા હેઠળ નડીયાદ જેલ ખાતે મોકલી દેવાયા

### એસપીની માર્ગદર્શનતળે ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

અમરેલી, તા. ૧૮

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે અમરેલી જિલ્લામાં દારૂનું ગેરકાયદેસર વેચાણ, હેર–ફેર, ઉત્પાદન અને સંગ્રહની ગેરકાયદે પ્રવૃત્તિ કરતાં પ્રોહીબીશન બુટલેગર ઈસમો તથા પ્રોહિબીશનના ગુન્હાઓ કરવાની ટેવવાળા ઈસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા અને આવા ગુનેગારોને કાયદાનું ભાન થાય તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ બને તે માટે પાસા–તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલે અમરેલી જિલ્લામા



પ્રોહીબીશનની પ્રવૃત્તિ કરતા ઈસમ પ્રતાપ માણાભાઈ માંજરીયા, રહે. માણાવાવ, (તા. ધારી) વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક અમરેલીનાઓ મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ અમરેલી તરફ મોકલી આપેલ હતી.

આમ દારૂના ધંધાર્થીની સમાજ વિરોધી અસામાજીક પ્રવૃતિ અંકુશ લાવવાનું જરૂરી જણાતા, અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ અજય દહિયાએ આરોપી પ્રતાપ માણાભાઈ માંજરીયા વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યુ કરતાં, અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચના મુજબ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલ તથા એલ.સી.બી. ટીમ દ્વારા પ્રતાપ માણાભાઈ માંજરીયાને પાસા વોરંટની બજવણી કરી, જિલ્લા જેલ, નડીયાદ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

---

## ખાંભા તાલુકામાં રાષ્ટ્રીય પ્રાથમિક શિક્ષક મહાસંઘની રચના કરાઈ



ખાંભા, તા. ૧૮

ખાંભા તાલુકામાં રાષ્ટ્રીય પ્રાથમિક શૈક્ષક મહાસંઘની રચના કરવામાં આવી હતી. પંચમુખી હનુમાનજી મંદિર ઈંગોરાળા તા.ખાંભા ખાતેના રોજ બેઠક યોજવામાં આવી હતી. જેમાં અધ્યક્ષ તરીકે જગદિશભાઈ રૂપારેલીયા મંત્રી તરીકે ઈન્ફવદન રાવલ અને સંગઠન મંત્રી તરીકે મયુરભાઈ ભાલોડીયાને જવાબદારી સોંપવામાં આવી હતી. આ તકે રાષ્ટ્રીય પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ ગુજરાત પ્રાંતનાં ઉપાધ્યક્ષ દેવાયતભાઈ ભોળા જિલ્લા અધ્યક્ષ વિજયભાઈ મકવણા, તાલુકા કાર્યવાહ ઝવેરભાઈ કલ્પેશભાઈ જોષી, મહેન્દ્રભાઈ કાવઠીયા અને આશિષભાઈ ચૌહાણ જિલ્લા સંગઠન પરીવાર ઉપસ્થિત રહી તમામ શિક્ષકોને રાષ્ટ્રહીત માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. અને શુભેચ્છા પાઠવી હતી.

---

### વડિયા નજીક આવેલ

## તોરી ગામે રિક્ષામાં ચાલક તરીકે રાખવાનું કહેતા યુવકને માર પડયો

### યુવકને જાહેરમાં જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરાયા

અમરેલી, તા. ૧૮, વડિયા તાલુકાનાં તોરી ગામે રહેતા અને મજૂરી કામ કરતાં લાલજીભાઈ રાજુભાઈ ચૌહાણ નામનાં યુવકે પોતાના ગામમાં કચરો ઉપાડવા માટે આવેલ રીક્ષામાં ડ્રાઈવર તરીકે રાખવા માટે તેજ ગામે રહેતા યોગેશભાઈ પાનસુરીયાને કહેતા તેમને સારૂ નહી લાગતા યોગેશભાઈએ યુવકને ગાળો આપી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી લાકડી વડે માર મારી હાથમાં ફેકચર જેવી ઈજા કર્યાની ફરિયાદ વડિયા પોલીસમાં નોંધાઈ છે.

---

### ખેડૂતોના હિતમાં શાસકોનો મહત્વ નિર્ણય

## અમરેલીનાં નવા માર્કેટયાર્ડમાં લાભ પાંચમથી સુકા લાલ–મરચાની હરરાજી

### ખેડૂતોને ગોંડલ કે રાજકોટ જવાથી મુકિત મળી

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લામાં મરચાનું વાવેતર ખુબ મોટા પ્રમાણમાં થતું હોય અને ખેડૂતોને મરચા ઘર બેઠા વેચવા પડતા હોય અથવા તો ગોંડલ કે રાજકોટ સુધી મરચા વેંચવા જવું પડતું હોય જેથી ખેડૂતોએ રજુઆત કરેલ કે અમરેલી માર્કેટયાર્ડ ખાતે જો સુકા લાલ મરચાની હરરાજી શરૂ કરવામાં આવે તો ખેડૂતોને બહાર જવું ન પડે જેથી ખુડૂતોની રજુઆતને ધ્યાને લેતાં નવા માર્કેટયાર્ડ ખાતે લાભ પાંચમથી સુકા લાલ મરચાની હરરાજી શરૂ કરવામાં આવશે. જેથી ખેડૂતોને પોતાનાં સુકા લાલ મરચા નવા માર્કેટયાર્ડ ખાતે લાભ પાંચમથી લઈને આવવાનું માર્કેટયાર્ડનાં સેક્રેટરી તુષારભાઈ હપાણીની યાદીમાં જણાવેલ છે.

---

### ચિરાગભાઈ પરમાર સાથે કેમ સંબધ રાખે છે તેમ કહી

## સાવરકુંડલાની સરકારી હોસ્પિટલનાં કવાર્ટરમાં પ્રજ્ઞાબેન ભટ્ટને હોઠ નીચે બટકુ ભરતાં હિનાબેન મારૂ

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૧૮, સાવરકુંડલામાં સરકારી હોસ્પિટલનાં કવાર્ટર નં. ૯ માં રહેતા પ્રજ્ઞાબેન જીગ્નેશભાઈ ભટ્ટ નામનાં ૫૧ વર્ષિય મહિલા પોતાની ફરજ ઉપર હોય. ત્યારે તેજ ગામે રહેતા હિનાબેન ગોવિંદભાઈ મારૂએ ત્યાં આવીને કહેલ કે "તું ચિરાગભાઈ પરમાર સામે કેમ સબંધ રાખે છે" તેમ કહી ગાળો આપી ઢીકાપાટુનો માર મારી પછાડી દઈ હોઠ નીચેના ભાગે બચકુ ભરી લઈ આઠ ટાંકા આવે તેવી ઈજા કર્યાની ફરિયાદ પ્રજ્ઞાબેને પોલીસમાં નોંધાવી છે.

---

# બાબાપુરમાં સર્વોદય આશ્રમ ખાતે આયુર્વેદ કથા યોજાઈ



તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર

શ્રી સર્વોદય સરસ્વતી મંદિર બાબાપુરના ૭૫ માં વર્ષની ઉજવણી ('અમૃત મહોત્સવ') નિમિત્તે શ્રી સર્વોદય સરસ્વતી મંદિર–બાબાપુર, શ્રી અમરેલી વિભાગ કેળવણી સંઘ–બાબાપુર તથા શ્રી જાળિયા સેવક સમાજ–જાળિયાના સંયુકત ઉપક્રમે પ્રસિદ્ધ વૈદ્ય મહેન્દ્રસિંહ સરવૈયા ધ્વારા શરૂ કરાયેલ અનેરી કથા 'આયુર્વેદ કથા' યોજવામાં આવી હતી. કાર્યક્રમનો પ્રારંભ સર્વોદય સરગમ ગૃપ દ્વારા જીવન અને આરોગ્યના મહત્વને ઉજાગર કરતાં ગીતથી થયો હતો. ત્યારબાદ આયુર્વેદના અધિષ્ઠાતા દેવ ભગવાન શ્રી ધનવંતરીની આરતી કરવામાં આવી હતી. મહેમાનોનું સ્વાગત મુકુન્દભાઈ મહેતાએ કર્યુ હતું. મહેન્દ્રસિંહ સરવૈયાનો પરિચય ધર્મેન્દ્રભાઈ કનાળ ાએ આપ્યો હતો. મહેન્દ્રસિંહ સરવૈયાએ આયુર્વેદ પર પોતાના વકતવ્યનો ૧૦/૧૫ આસપાસ પ્રારંભ કર્યો હતો. પોતાની અસ્ખલિત વાણી થકી શ્રોતાઓને સતત ચારેક કલાક સુધી 'આયુર્વેદનું રસપાન' કરાવ્યું હતું. સૌને એમ જ થતું હતું કે એમને સાંભળ્યા જ કરીએ. કાર્યક્રમના અંતે જયંતભાઈ જોષીએ સૌ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી ને એ સાથે એક કાયમી સંભારણું બની રહે એવી ભવ્યતા સાથે કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં શ્રી સર્વોદય સરસ્વતી મંદિર બાબાપુરના પ્રમુખ અને સંસ્કૃતના પ્રકાંડ પંડિત વસંતભાઈ પરીખ, કવયિત્રી કાલિન્દીબેન પરીખ, કવિ હરજીવનભાઈ દાફડા, મુકુંદભાઈ મહેતા, નીતિનભાઈ બોરાણિયા, મોટાભાઈ સંવટ, ઈત્યાદિ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સંસ્થા સંચાલિત શાળાઓના આચાર્યો અને શિક્ષકમિત્રો, આ શાળાઓની આસપાસના ગ્રામજનો, બાબાપુર હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ તેમજ શ્રી મહિલા અધ્યાપન મંદિર બાબાપુરના બહેનોએ ખૂબ રસપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ મૂકેશભાઈ રાજયગુરૂની રાહબરીમાં સુપેરે સંપન્ના થયો હતો.

## કેન્દ્રીય મંત્રી રૂપાલા, ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી, નાયબ દંડક વેકરિયા, સાંસદ અને ધારાસભ્યોની ઉપસ્થિતિમાં

# અમરેલીમાં આજે વિશ્વસનીય ''વિશ્વાસ જવેલર્સ''નો પ્રારંભ

### સાધુ–સંતોની ઉપસ્થિતિમાં કેન્દ્રીય મંત્રી રૂપાલાનાં વરદ્દહસ્તે શોરૂમનો થશે પ્રારંભ

### બોટાદ પંથકમાં સતત ગ્રાહકોનો વિશ્વાસ સંપાદન કરવામાં સફળ રહેનાર ગ્રુપનું નવું સોપાન

### શોરૂમનાં પ્રારંભે સોનાનાં ઘરેણાંનાં વજન જેટલી ચાંદી ફ્રી સહિતની અનેક ગ્રાહકલક્ષી યોજનાનો પ્રારંભ

### દિલીપભાઈ પાટીદાર, મુકેશભાઈ ધામત, વિજયભાઈ પાટીદાર દ્વારા ગ્રાહકોને લાભ લેવા અનુરોધ થયો










અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લાનાં સોના–ચાંદીનાં દાગીનાની ખરીદીનાં ગ્રાહકોની સેવામાં બોટાદમાં ૧૨ વર્ષથી ગ્રાહકો માટે શ્રેષ્ઠ દાગીના બનાવી આપનાર દિલીપભાઈ પાટીદાર, મુકેશભાઈ ધામત અને વિજયભાઈ પાટીદાર ધ્વારા અમરેલી ખાતે બસ સ્ટેન્ડ નજીક પરમ હાઈટસ કોમ્પ્લેક્ષમાં આવતીકાલ ગુરૂવાર તા. ૧૯/૧૦નાં રોજ "વિશ્વાસ જવેલર્સ" શો–રૂમનો દબદબાભેર પ્રારંભ સાધુ–સંતો અને રાજકીય તેમજ સામાજિક આગેવાનોની ઉપસ્થિતિમાં થઈ રહ્યો છે.

કેન્દ્રીય મંત્રી રૂપાલાનાં વરદહસ્તે ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી, નાયબ દંડક કૌશિક વેકરિયા, સાંસદ નારણભાઈ કાછડીયા, જિલ્લાનાં તમામ ધારાસભ્યોની ઉપસ્થિતિ અને ગુરૂદત આશ્રમ મોટા આંકડીયાનાં સંત બાવકુપરીબાપુ, ગુરૂ જાદવપુરીબાપુ, સંત રાજેશ્વરીબાપુ ગુરૂ બાવકુપુરીબાપુ, નાના કણકોટ, નીલકંઠ મહાદેવનાં મહંત મુકતાનંદગીરી બાપુ, મહંત બલરામગીરી બાપુ (આનંદ આશ્રમ–પુંજાપાદર)નાં આશીર્વચન સાથે કરવામાં આવી રહ્યો છે.

આ તકે અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલિયા, વાઈસ ચેરમેન મુકેશ સંઘાણી, જિલ્લા પંચાયતનાં પ્રમુખ ભરત સુતરીયા, પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણી, વિરજી ઠુંમર, પ્રતાપ દુધાત, હનુભાભા ધોરાજિયા, ભાજપ પ્રમુખ રાજેશ કાબરીયા, ડો. કાનાબાર, પૂર્વ ધારાસભ્ય ઠાકરશીભાઈ મેતલીયા, બાબુભાઈ ધામત, અરવિંદભાઈ કારેટીયા, કિશોરભાઈ કીકાણી તેમજ અન્ય રાજકીય અને સામાજિક આગેવાનો પણ ઉપસ્થિત રહેશે.

## જિલ્લામાં સ્વચ્છતા અભિયાનનાં માહોલમાં

# કુંકાવાવમાં ઘર પાસે કચરો નાખવા બાબતે પડોશીઓ વચ્ચે માથાકૂટ

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૧૮

કુંકાવાવનાં રામપરા ચોક ખાતે રહેતા કેયુરભાઈ ચીમનભાઈ રાંકનાં બહેન તેજ વિસ્તારમાં અમુભાઈ શંભુભાઈ ગેવરીયાનાં ઘર પાસે કચરો નાખતા હોય. જેથી અમુભાઈનાં પત્નીએ કેયુરભાઈનાં બહેનને ના પાડતા તે વાતનું મનદુઃખ રાખી આરોપી કેયુરભાઈ રાંકે અમુભાઈ તથા તેમના પત્નીને લાકડી વડે માર મારી ઈજા કર્યાની ફરિયાદ વડિયા પોલીસમાં નોંધાઈ છે.

## લુણકીથી મુસાફરોને લઈને બાબરા જતાં હોય તે સમયે

# અરેરાટી : બાબરાનાં લુણકી ગામનાં છકડો રિક્ષા ચાલકને હાર્ટ એટેક આવતા મોત નિપજયું

### રિક્ષા પલટી મારી જતાં મુસાફરોને સામાન્ય ઈજાઓ પહોંચી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૮

સૌરાષ્ટ્ર–ગુજરાતમાં વધતા જતા હાર્ટ એટેકના બનાવોના કારણે ઘેરી ચિંતા વધવા પામી છે. રાજયના આરોગ્ય વિભાગ દ્વારા પણ હાલ નવરાત્રી પર થતા મોટા આયોજન પર મેડિકલ ટિમને સ્ટેન્ડ ટૂ કરવામાં આવી છે.

આજે બપોરે બાદ લુણકી ગામે રહેતા અને છકડો રીક્ષા ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા રીક્ષા ચાલકને ચાલુ રિક્ષાએ હૃદય રોગનો હુમલો આવતા મોટ નિપજતા પરિવારમાં અને ગામમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

આ બનાવની પ્રાથમિક વિગત અનુસાર બાબરા તાલુકાના લુણકી ગામે રહેતા અને છકડો રીક્ષા ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા ઓઘડભાઈ પોલાભાઈ મૂંધવા (ઉ.વ. ૪૬) પોતાના હવાળાવાળી છકડો રીક્ષા જી.જે.–૦૪ વી ૬૦૩૭ લુણકી ગામેથી બે–ત્રણ મુસાફરને લઈ બાબરા તરફ આવી રહ્યા હતા. ત્યારે અહીં બાબરામાં સરદાર સર્કલ વસાવડ ચોકડી પાસે હૃદય રોગનો હુમલો આવતા રીક્ષા નીચે ખાળીયામાં ઉતરી ઊંધી પડી ગઈ હતી. રીક્ષા ચાલકનું મોત નિપજયું હતું જયારે અંદર બેઠેલા અન્ય મુસાફરોને સામન્ય ઈજાઓ થઈ હતી.

ઘટનાની જાણ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક અસરથી ૧૦૮ મારફત રીક્ષા ચાલકને બાબરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જયાં ફરજ પરના તબીબ દ્વારા મૃત જાહેર કરવામાં આવ્યા હતા.


તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
▪ડોલ (૨૫ લી.) ▪પાટલો ▪ ટમ્બલર
▪સોપ હોલ્ડર ▪ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/–માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલિકા નીચે ફોન :૨૨૦૦૦૬

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

YAMAHA RACING
॥ વંદે માતરમ્ ॥
FZ-S Fi
lord of the streets
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
NOW WITH CONNECT
Side Stand Engine cut-off Switch | Light Weight 135kg | 3D Emblem | Durable 149cc fuel injection Engine | Two-level Single Piece Seat
ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

▪ કાર ▪ બાઈક ▪ ટ્રેકટર ▪ ટ્રક ▪ બસ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

હવે સાંભળશે અમરેલી... અને બોલશે પણ અમરેલી...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
જર્મની, ડેન્માર્ક ની કંપનીના આધુનિક મશીન
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
કાનના મશીન
બોલવાની તકલીફ ? સ્પીચ થેરાપી ઉપલબ્ધ
તોતડાપણું, હકલાવુ, ઓટીઝમ, મંદબુદ્ધિ, નાકમાંથી બોલવું..
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જોઇએ છે
અમરેલી એકસપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઇચ્છુક વ્યકિતઓએ સંપર્ક કરવો.
કોમ્પ્યુટર ઓપરેટર......................૪
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત
3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૫૨૨૨ ૩૨૩૨૨

''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA
Navnit
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

Hero
go BIG go XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

પિતૃપક્ષનાં શ્રાદ્ધ નિમિત્તે
મીઠીગુંદી ▪ મગીયા લાડુ ▪ ચુરમાના લાડુ
મોહનથાળ ▪ ગુલાબજાંબુ ▪ ટોપરાપાક
સ્પે. ખમણ
હાજરમાં મળશે ખજૂરની ચટણી સાથે...
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨
મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫

નવરાત્રીના તહેવાર પર કેન્દ્રીય કર્મચારીઓને સરકારની ભેટ

# કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો કરાયો

## આ નિર્ણયથી દેશના લગભગ ૧ લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનધારકોને લાભ થશે, રવિ પાક પર એમએસપી અને રેલવે કર્મચારીને બોનસની પણ મંજૂરી

નવી દિલ્હી, તા.૧૮

નવરાત્રીના તહેવાર પર કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો કર્યો છે. આ વધારા બાદ કર્મચારીને મળતું ડીએ હવે ૪૨ ટકાથી વધીને ૪૬ થઈ ગયું છે. સરકારના આ નિર્ણયથી દેશના લગભગ ૧ લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનધારકોને લાભ થશે. આ ઉપરાંત રવિ પાક પર એમએસપીઅને રેલવે કર્મચારીને બોનસની પણ મંજૂરી આપવામાં આવી છે.

કેન્દ્ર સરકારે આજે કેન્દ્રીય કર્મચારી માટે મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો કર્યો છે એટલે હવે તે ૪૨ ટકાથી વધીને ૪૬ ટકા થયો છે. આ લાભ ૧ જુલાઈ ૨૦૨૩થી મળશે. ડીએમાં વધારા સાથે કર્મચારીઓના પગારમાં પણ વધારો થશે. આ ઉપરાંત કેન્દ્ર સરકારના પેન્શનધારકોને પણ લાભ મળશે. વર્ષ ૨૦૨૩ માટે સરકારે પ્રથમ સુધારો કરતા ૨૪ માર્ચ ૨૦૨૩ના રોજ ડીએમાં વધારો કરવાની જાહેરાત કરી હતી. ત્યારે ૩૮ ટકા ડીએમાંથી ૪ ટકા વધારીને ૪૨ ટકા કરવામાં આવ્યો હતો. હવે કેન્દ્રના કર્મચારીઓ અને પેન્શનધારકોને આજે મોંઘવારી ભથ્થામાં વધારાનો લાભ ૧ જાન્યુઆરી ૨૦૨૩થી મળશે. આ ઉપરાંત રેલવે કર્મચારીઓને બોનસ આપવા માટે મંજુરી આપવામાં આવી છે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે બેઠક બાદ જણાવ્યું હતું કે રેલવેના નોન-ગેઝેટેડ કર્મચારીઓને ૭૮ દિવસના પગાર જેટલું બોનસ આપવામાં આવશે. કેન્દ્ર સરકારે આજે ખેડૂતો માટે રવિ પાક પર એમએસપી વધારવાનો નિર્ણય લીધો છે. આ સાથે તેલીબિયાં અને સરસવના ભાવમાં ૨૦૦ રુપિયા પ્રતિ ક્વિન્ટલનો વધારો કરવામાં આવ્યો છે. તેમજ મસૂરની કિંમતમાં પણ ૪૨૫ રુપિયા ક્વિન્ટલ, ઘઉંના ભાવમાં ૧૫૦ રુપિયા પ્રતિ ક્વિન્ટલ, જવના ભાવમાં ૧૧૫ રુપિયા પ્રતિ ક્વિન્ટલ અને ચણાના ભાવમાં ૧૦૫ રુપિયા પ્રતિ ક્વિન્ટલનો વધારો કરવામાં આવ્યો છે. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે સરકારે ચોથો નિર્ણય લદ્દાખ પ્રદેશ માટેનો છે. તેમણે કહ્યું હતું કે ઉર્જા મંત્રાલયે ૧૩ ગીગાવોટની નવીનીકરણીય ઉર્જા ક્ષમતા વિકસાવવાની યોજના બનાવી છે જ્યારે સોલાર પાવર પ્લાન્ટ બનાવવામાં આવશે ત્યારે તેમના માટે ટ્રાન્સમિશન લાઈન ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. લદ્દાખથી મુખ્ય ગ્રીડ સુધી લાવવા માટે ૫ ગીગાવોટ ક્ષમતાની લાઈનને મંજૂરી આપવામાં આવી છે.

જવાબદાર સામે કાર્યવાહીની કરી માંગ

# ગાઝાની હોસ્પિટલ પર હુમલાની વડાપ્રધાન મોદીએ કરેલી નિંદા

## મોદીએ ગાઝાના અલ અહલી હોસ્પિટલમાં થયેલા હુમલામાં મૃત્યુ પામેલા ૫૦૦ લોકોના મોત પર દુખ વ્યક્ત કર્યું છે

નવી દિલ્હી, તા.૧૮

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગાઝાની અલ અહલી હોસ્પિટલ પર થયેલા હુમલા અંગે દુખ વ્યક્ત કરતા કહ્યું કે જે પણ આ ઘટનામાં ગુનેગાર છે, તેને છોડવામાં ન આવે. મંગળવાર (૧૭ ઓક્ટોબર) એ ગાઝાની અલ-અહલી હોસ્પિટલ પર થયેલા હવાઈ હુમલામાં ૫૦૦ નાગરિકોના મોત થયા છે.

સોશિયલ મીડિયા એકાઉન્ટ એક્સ પર પ્રતિક્રિયા આપતા પીએમ મોદીએ કહ્યું- ગાઝાની અલ અહલી હોસ્પિટલમાં લોકોના મોતથી દુ:ખ થયું છે. મૃતકોના પરિવારજનો પ્રત્યે મારી સંવેદના છે અને અમે ઈજાગ્રસ્તોના જલ્દી સાજા થવાની પ્રાર્થના કરી રહ્યાં છીએ. આ યુદ્ધમાં સામાન્ય નાગરિકોના મોત થવા ગંભીર ચિંતાનો વિષય છે. આ હુમલા પાછળ જે લોકો જવાબદાર છે, તેને છોડવામાં ન આવે.

ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. બંને વચ્ચે લડાઈ થઈ રહી છે. ઈઝરાયલ ગાઝા પર હવાઈ હુમલા કરી રહ્યું છે અને તેની જમીની સેનાએ પણ ઉત્તરી ગાઝા પર હુમલો કરી દીધો છે અને ત્યાં રહેતા લોકોને જગ્યા ખાલી કરવાનો આદેશ આપ્યો છે. આ વચ્ચે અહીં પર સ્થિત આ હોસ્પિટલને ખાલી કરવાની ચેતવણી જારી કરી હતી.

મંગળવારે મોડી રાત્રે હોસ્પિટલ પર હવાઈ હુમલો થાય છે અને પેલેસ્ટાઈનના હમાસ નિયંત્રિત સ્વાસ્થ્ય મંત્રાલય પ્રમાણે અહીં રહેતા ૫૦૦ લોકોના મોતના સમાચાર છે. ત્યારબાદ આરોપ લાગી રહ્યાં છે કે ઈઝરાયલે હોસ્પિટલ પર હુમલો કરી અહીં રહેતા સામાન્ય નાગરિકોની હત્યા કરી છે.

સંયુક્ત રાષ્ટ્ર, તેના સર્વોચ્ચ નેતાઓ અને એજન્સીઓએ ગાઝાની એક હોસ્પિટલ પર થયેલા હુમલામાં ઘણા નાગરિકોના મોતને લઈને દુખ વ્યક્ત કર્યું અને ઘટનાની નિંદા કરી છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ એન્તોનિયો ગુતારેસે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી- ગાઝામાં આજ એક હોસ્પિટલ પર થયેલા હુમલામાં નાગરિકોના મોતથી હું અત્યંત દુખી અને વ્યથિત છું. હું તેની નિંદા કરૂ છું. મારી સંવેદનાઓ પીડિત પરિવારોની સાથે છે. હોસ્પિટલ અને સ્વાસ્થ્ય કર્મીઓને આંતરરાષ્ટ્રીય માનવીય કાયદા હેઠળ સંરક્ષણ પ્રાપ્ત હોય છે.

સરકાર દરેક સોશિયલ મીડિયા પર નજર રાખશે

# સોશિયલ મીડિયા પર ફરતી પોસ્ટમાંનો દાવો ખોટો હોવાની સરકારની સ્પષ્ટતા

## પીઆઈબીની ફેક્ટ ચેક ટીમ દ્વારા આ વાયરલ પોસ્ટ વિશે ફેક્ટ ચેક કરાયા બાદ આ વાત ખોટી હોવાની સ્પષ્ટતા

નવી દિલ્હી, તા.૧૮

ભારત સરકાર હવે દરેક પ્રકારના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર નજર રાખશે અને દરેક પ્રકારના કોલ રેકોર્ડ પણ કરશે. આવુ અમે નથી કહી રહ્યા પરંતુ વોટ્સએપ પર વાયરલ થઈ રહ્યું છે, એક વાયરલ થઈ રહેલા મેસેજમાં આ દાવો કરવામાં આવી રહ્યો છે.

આ મેસેજને લઈને કેટલાક વોટ્સએપ ગ્રુપમાં ચર્ચાઓ થઈ રહી છે. કોઈ કહી રહ્યુ છે કે સરકાર આવુ ન કરી શકે તો કોઈ કહી રહ્યુ છે કે સરકાર આવુ કરી શકે છે. આ મેસેજની સત્ય હકીકત શું છે, શું ખરેખર સરકાર આવો નિયમ લાવી રહી છે. જે મુજબ દરેક પ્રકારના કોલનું રેકોર્ડિંગ થશે અને દરેક પ્રકારના ફોન પર નજર રાખવામાં આવશે.

વાયરલ પોસ્ટમાં ૧૩ મુદાઓ પર સરકાર એક્શન લેશે તેવો દાવો કરવામાં આવ્યો છે

૧. દરેક કોલ રેકોર્ડ કરવામાં આવશે

૨. દરેક કોલના રેકોર્ડને સાચવવામાં આવશે.

૩. વોટ્સએપ, ફેસબુક, ટ્વિટર અને દરેક સોશિયલ મીડિયા પર નજર રાખવામાં આવશે.

૪. જે નથી જાણતા તેમને જાણ કરો.

૫. તમારુ ડિવાઈસ મંત્રાલય ટેકનોલોજી સાથે જોડાયેલ છે.

૬. સાવધાન રહો કોઈને ખોટો મેસેજ ના મોકલો

૭. તમારા બાળકો, ભાઈઓ, સંબંધિઓ, મિત્રો, પરિચિતોને કહો કે તેમની સારસંભાળ કરવી જોઈએ અને કદાચ ક્યારેક સોશિયલ મીડિયા ચલાવતા હોય.

૮. રાજનીતિક અથવા હાલની પરિસ્થિત પર સરકાર અથવા પ્રધાનમંત્રી સામે તમારો કોઈ ઓડિયો ના મોકલો.

૯. વર્તમાનમાં કોઈ પણ રાજનીતિક અથવા ધાર્મિક વિષય પર સંદેશ લખવો અથવા સંદેશ મોકલવો ગુનો બને છે, આવુ કરવાથી વોરંટ વગર ધરપકડ થઈ શકે છે.

૧૦. પોલીસ નોટીફિકેશન જાહેર કરે છે.... પછી સાયબર ક્રાઈમ... પછી થશે કાર્યવાહી. આ ખુબ જ ગંભીર છે.

૧૧. કૃપા કરીને દરેક ગ્રુપના સભ્ય... કૃપા કરીને આ વિષય પર વિચાર કરે.

૧૨. સાવધાન રહો અને કોઈ ખોટો મેસેજ ના મોકલશો અને દરેકને કહો કે આ વિષય પર ધ્યાન આપે.

૧૩. કૃપા કરીને આ મેસેજને શેર કરો.

પ્રેસ ઈન્ફરમેશન બ્યુરો (પીઆઈબી)ની ફેક્ટ ચેક ટીમ દ્વારા આ વાયરલ પોસ્ટ વિશે ફેક્ટ ચેક કરવામાં આવ્યું, અને આ મુદ્દે કહ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા આ પ્રકારનો કોઈ નિયમ લાગુ કરવામાં આવ્યો નથી.

ફિક્સ પેના કર્મચારીઓને સરકારની મોટી ભેટ

# ગુજરાત સરકારે કર્મચારીઓના પગારમાં ૩૦% વધારો કર્યો

## રાજ્યના ફિક્સ-પગાર આધારિત ૬૧,૫૬૦ કર્મચારીઓના પ્રવર્તમાન વેતનમાં ૩૦ % જેટલો વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે

અમદાવાદ, તા.૧૮

ગુજરાત સરકારના વિવિધ વિભાગમાં સરકારી નોકરી કરતા ફિક્સ પગારના કર્મચારીઓ માટે સારા સમાચાર સામે આવ્યા છે. દિવાળી પહેલા ગુજરાત સરકાર ફિક્સ પેના કર્મચારીઓને મોટી ભેટ આપી છે. દિવાળી પહેલા સરકાર ફિક્સ પેના કર્મચારીઓના પગારમાં ૩૦ ટકાના વધારાની જાહેરાત કરી છે.

આપને જણાવી દઈએ કે, લાંબા સમયથી પગાર વધારો આપવાનો બાકી હતો રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે મળેલી કેબિનેટ બેઠકમાં રાજ્યના ફિક્સ પગારના તમામ કર્મચારીઓના હિતમાં વધુ એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ મહત્વની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, રાજ્યના ફિક્સ-પગાર આધારિત ૬૧,૫૬૦ કર્મચારીઓના પ્રવર્તમાન વેતનમાં ૩૦%જેટલો વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેની અમલવારી તા.૧ લી ઓક્ટોબર ૨૦૨૩ની અસરથી કરવામાં આવશે. વધુમાં તેમણે ઉમેર્યુ કે, ગુજરાતના વિકાસમાં રાજ્યના કર્મચારીઓનો ખુબ જ મહત્વનો ફાળો રહ્યો છે. દરેક સરકારી યોજનાઓના અમલીકરણ તથા તેના પર યોગ્ય દેખરેખ થકી છેવાડાના માનવી સુધી યોજનાકીય લાભ પહોંચાડવામાં કર્મચારીઓએ હંમેશા ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. ત્યારે દિવાળી પૂર્વે લેવામાં આવેલા આ નિર્ણય રાજ્યના પ્રત્યેક ફિક્સ પગારના કર્મચારીઓ તથા તેમના પરિવારજનો માટે ખુશીની લહેર લાવશે તેવો વિશ્વાસ મંત્રીએ વ્યક્ત કર્યો હતો. આ નિર્ણયથી વર્ગ-૩ના ૪૪૦૦ ગ્રેડ પે ધરાવતા કર્મચારીઓનો પ્રવર્તમાન માસિક ફિક્સ પગાર રૂ. ૩૮,૦૯૦ થી વધીને રૂ. ૪૯,૬૦૦ થશે. ઉપરાંત વર્ગ-૩ ના ૪૨૦૦ અને ૨૮૦૦ ગ્રેડ પે ધરાવતા કર્મચારીઓનો પ્રવર્તમાન માસિક ફિક્સ પગાર રૂ. ૩૧,૩૪૦ થી વધીને રૂ. ૪૦,૮૦૦ થશે. વર્ગ-૩ ના ૨૪૦૦, ૨૦૦૦, ૧૯૦૦ અને ૧૮૦૦ ગ્રેડ પે ધરાવતા કર્મચારીઓનો પ્રવર્તમાન માસિક ફિક્સ પગાર રૂ. ૧૯,૯૫૦ થી વધીને રૂ. ૨૬,૦૦૦ થશે. જ્યારે વર્ગ-૪ ના ૧૬૫૦,૧૪૦૦ અને ૧૩૦૦ ગ્રેડ પે ધરાવતા કર્મચારીઓનો પ્રવર્તમાન માસિક ફિક્સ પગાર રૂ. ૧૬,૨૨૪ થી વધીને રૂ. ૨૧,૧૦૦ થશે. આ નિર્ણયથી રાજ્ય સરકારની તિજોરી પર વાર્ષિક રૂ.૫૪૮.૬૪ કરોડ રૂપિયાનું ભારણ વધશે.

૮ દિવસથી દરરોજ એક-બે યુવાનના થયા મોત

# રાજકોટમાં નાની વયે હાર્ટ એટેકથી વધુ એક યુવકનું મોત

## ૨૦ વર્ષની ઉંમરના છોકરાઓ અને ૩૦ વર્ષની મહિલાઓ પણ હાર્ટ એટેકથી મૃત્યુ પામી રહી છે

રાજકોટ, તા.૧૮

નાની વયે હાર્ટ એટેકથી મોતનો સિલસિલો ગુજરાતમાં યથાવત છે. રાજકોટમાં વધુ એક યુવાકનનો જીવ હાર્ટ એટેકેને કારણે ગયો છે. શહેરની ભાગોળે આવેલા નવાગામ આણંદપર ગામના વિપુલ રતિલાલ નામનાં ૩૨ વર્ષના યુવાનનું મૃત્યુ હાર્ટ એટેકને કારણે થયું છે. યુવાનના મૃત્યુને લઈને પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. રાજકોટમાં છેલ્લા આઠ દિવસથી દરરોજ એક-બે યુવાનનાં હાર્ટ એટેકનાં કારણે મૃત્યુ થઈ રહ્યા છે. નોંધનીય છે કે, આજકાલ લોકો ૪૦ વર્ષની ઉંમરે અનેક ગંભીર બીમારીઓનો શિકાર બની રહ્યા છે. અગાઉ, મોટાભાગના લોકોને ૬૦ વર્ષની ઉંમરે હૃદય રોગનું જોખમ હતું. તે જ સમયે, મોટાભાગના લોકો ૪૦ વર્ષની ઉંમરે હાર્ટ એટેકનો શિકાર બને છે. પાછલા કેટલાક વર્ષોમાં, ૪૦ વર્ષની વયના કલાકારોથી લઈને સામાન્ય લોકો સુધીના દરેક લોકો હાર્ટ એટેકનો શિકાર બન્યા છે. હૃદય સંબંધિત બિમારીઓને કારણે મોટાભાગના લોકો નાની ઉંમરમાં જ મૃત્યુ પામી રહ્યા છે. સૌથી આશ્ચર્યની વાત એ છે કે લોકો ૪૦ વર્ષની ઉંમરે હાર્ટ એટેકનો શિકાર બની રહ્યા છે. ડોકટરો અને આરોગ્ય નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ભારતમાં હૃદયરોગના હુમલાના કેસ દિવસેને દિવસે વધી રહ્યા છે. ૨૦ વર્ષની ઉંમરના છોકરાઓ અને ૩૦ વર્ષની મહિલાઓ પણ હાર્ટ એટેકથી મૃત્યુ પામી રહી છે. હૃદયરોગના કારણે અનેક લોકો ઈમરજન્સી વોર્ડમાં દાખલ થઈ રહ્યા છે. યુરોપિયનોની સરખામણીમાં ભારતીયો અકાળે હૃદયરોગના હુમલાથી પીડાય છે. તેની પાછળનું સૌથી મોટું કારણ ખરાબ જીવનશૈલી અને ઊંઘની પેટર્ન માનવામાં આવે છે.

૬૫ હજારથી વધુ રોજગારીનું થશે નિર્માણ

# વાઇબ્રન્ટ સમિટ પહેલા જ ૧૮ હજાર કરોડથી વધુના MoU સંપન્ન

## વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અંતર્ગત અત્યાર સુધીમાં થયેલા MoU ના ૭૧ ટકા અને વર્ષ ૨૦૧૯માં યોજાયેલી વાઇબ્રન્ટ સમિટમાં થયેલા MoU ના ૮૧ ટકા ગ્રાઉન્ડ લેવલે સફળ રહ્યા છે

ગાંધીનગર, તા.૧૮

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૦૩માં શરૂ થયેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટને આજે ૨૦ વર્ષ પૂર્ણ થયા છે અને આ ૨૦ વર્ષ દરમિયાન એક લાખથી પણ વધુ MoU કરવામાં આવ્યા છે, તેમ પ્રવક્તા મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું. ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા નિર્ણયો અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રીએ કહ્યું હતું કે, વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અંતર્ગત અત્યારસુધીમાં થયેલા MoU ના ૭૧ ટકા અને વર્ષ ૨૦૧૯માં યોજાયેલી વાઈબ્રન્ટ સમિટમાં થયેલા MoU ના ૮૧ ટકા ગ્રાઉન્ડ લેવલે સફળ રહ્યા છે.

તેમણે ઉમેર્યું હતું કે, આ વર્ષે ગુજરાતમાં યોજાનાર ‘વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪‘ની ભવ્ય સફળતા માટે રાજ્ય સરકાર દ્વારા પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. જે અંતર્ગત દર અઠવાડિયે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતમાં અનેક MoU કરવામાં આવી રહ્યા છે. ૧૦ મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના પગલે અત્યારસુધીમાં ગુજરાતમાં કુલ ૧૮,૪૮૫ કરોડના MoU સંપન્ન થયા છે. જે રાજ્યમાં ૬૫,૦૩૨થી વધુ રોજગારીના અવસર પ્રદાન કરશે.આ ઉપરાંત ચાલુ વર્ષના વાઈબ્રન્ટમાં MoU જ પદ્ધતિ અનુસરવામાં આવી છે. જેના પરિણામ MoU સફળતાનો રેશિયો પણ વધીને ૯૦ ટકા જેટલો રહેવાનું અનુમાન છે. જેમાં જમીનની ઉપલબ્ધતા, ફાઈનાન્સીયલ ક્લોઝર, ટેકનો કોમર્શીયલ અને ફીઝીબીલીટી જેવા પરિબળોના પૂર્ણતઃ અભ્યાસ પર ભાર મૂકવામાં આવ્યો છે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.વધુ માહિતી આપતા મંત્રી પટેલે કહ્યું હતું કે, ૧૦મી વાઈબ્રન્ટના ઉપલક્ષ્યમાં "વાઈબ્રન્ટ ગુજરાત-વાઈબ્રન્ટ ડિસ્ટ્રિક્ટ" કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવ્યો છે. MoUને રાજ્ય કક્ષા સુધી જ સીમિત ન રાખતા જિલ્લા સ્તરે પણ રોકાણકારોને સ્મોલ એન્ડ મીડિયમ ઈન્ડ્રસ્ટ્રીઝ, નાના રોકાણકારોને સહભાગી બનાવવા અને તેમની સ્કીલને પ્રોત્સાહન આપવા આ કાર્યક્રમ હાથ ધરવામાં આવી રહ્યા છે અને આ કાર્યક્રમને વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે.

રાજ્યમાં અત્યારસુધીમાં કુલ ૨૭ જિલ્લાઓમાં આ કાર્યક્રમ આયોજિત થઈ ચૂક્યા છે, જેમાં ૨૨ હજારથી વધુ લોકોએ ભાગ લીધો છે. આ કાર્યક્રમો દરમિયાન રૂ. ૩૯,૫૦૩ કરોડના MoU કરવામાં આવ્યા છે, જેના થકી રાજ્યમાં ૧,૫૦,૮૧૫ થી વધુ રોજગારીની તકો ઉભી થશે. ગત તા.૧૭ ઓક્ટોબરના રોજ અમદાવાદ ખાતે યોજાયેલા "વાઈબ્રન્ટ ગુજરાત-વાઈબ્રન્ટ અમદાવાદ" કાર્યક્રમ દરમ્યાન રૂ. ૧૨,૭૫૨ કરોડના ૪૮૪ રૈં થયા છે, જે આપણા સૌ માટે ગૌરવની વાત છે.

મંત્રીએ ઉમેર્યું હતું કે, વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબ સમીટ એ માત્ર બે કે ત્રણ દિવસની ઈવેન્ટ હોઇ શકે, પરંતુ તેના સંદર્ભે થતા રૈં, રોકાણ, ઉદ્યોગો સ્થાપવાની મંજૂરી સહિતની પ્રક્રિયા અવિરત ચાલતી જ રહે છે. આ વર્ષે વાઈબ્રન્ટ સમિટ સંદર્ભે ગુજરાત રીન્યુએબલ એનર્જી પોલીસી, સેમીકન્ડકટર પોલીસી, ટેક્સટાઈલ અને આઇ.ટી. પોલીસી, ઈલેક્ટ્રીક વ્હીકલ પોલીસી લોન્ચ કરવામાં આવી છે.

૧૦મી વાઈબ્રન્ટના સંદર્ભે દેશના અન્ય રાજ્યો રોકાણકારોને ગુજરાતમાં ઉદ્યોગ સ્થાપવા માટે આકર્ષવા રોડ-શો સહિતના વિવિધ કાર્યક્રમો હાથ ધરાયા છે. તાજેતરમાં જ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ઉપસ્થિતમાં દિલ્લી અને મુંબઈ તેમજ પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની ઉપસ્થિતિમાં દાહોદમાં બે સંતાનના પિતાએ ૧૫ વર્ષની કિશોરી ભગાડી જઈ ૧૦ મહિના સુધી ભોગવી, પછી એવી હાલત કરી કે, જાણીને રુવાડા ઉભા થઈ જશે

દિવાળી પહેલાં કેન્દ્રીય કર્મચારીઓને મોટી ભેટ

# કેન્દ્રીય કર્મચારીઓ માટે એડહોક બોનસને કેન્દ્ર સરકારની મંજૂરી

નવી દિલ્હી, તા.૧૮

કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીઓ માટે એડહોક બોનસને મંજુરી આપી દીધી છે. દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો છે તે પહેલા જ સરકારે કેન્દ્રીય કર્મચારીઓને સરકાર તરફથી મોટી ભેટ આપી છે. નાણા મંત્રાલયે ગઈકાલે વર્ષ ૨૦૨૨-૨૩ માટે કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે બોનસની ગણતરી કરવાની મહત્તમ મર્યાદા ૭ હજાર રુપિયા નક્કી કરી છે.કેન્દ્ર સરકાર હેઠળના ગ્રુપ બી અને ગ્રુપ સીમાં આવતા નોન-ગેઝેટેડ કર્મચારીઓને પણ બોનસ મળે છે. આ ઉપરાંત કેન્દ્રીય અર્ધલશ્કરી દળો અને સશસ્ત્ર દળોના કર્મચારીઓને પણ એડહોક બોનસનો લાભ આપવામાં આવે છે. આ બોનસમાં તમને ૩૦ દિવસની સેલેરી જેટલા જ રુપિયા મળશે. આ ઉપરાંત આજે કેન્દ્ર સરકાર વધુ એક મોટી જાહેરાત કરી શકે છે. આજે સરકાર કેન્દ્રિય કર્મચારીઓના મોંઘવારી ભથ્થા (ડીએ)ને લઈને મોટી જાહેરાત કરી શકે છે.

સુત્રોમાંથી મળતી માહિતી મુજબ આ વખતે કેન્દ્રીય કર્મચારીઓને ભથ્થામાં ૪ ટકા સુધીનો વધારો જોવા મળી શકે છે.

કેન્દ્રીય કેબિનેટ અને સીસીઈએની બેઠક આજે યોજાશે અને તેમાં ડીએના વધારા અંગે નિર્ણય લેવામાં આવી શકે છે. જો કેન્દ્ર સરકાર અપેક્ષા મુજબ કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો કરે છે, તો તેમને અત્યાર સુધી મળતો ડીએ ૪૨ ટકાથી વધીને ૪૬ ટકા થઈ જશે અને તેમના પગારમાં બમ્પર વધારો થશે. જો કે હજુ સુધી સરકાર દ્વારા ડીએ વધારા અંગે કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી.

સચિન અને સીમાના દિવસો બદલાયા

# સચિન-સીમાએ નવરાત્રિમાં નવા ઘરમાં કર્યો ગૃહ પ્રવેશ

નવી દિલ્હી, તા.૧૮

વકીલ એપી સિંહે કહ્યું કે, સચિન અને સીમાના ઘર પર ગૃહ પ્રવેશ થયો છે. નવરાત્રિમાં દેવી માતાની પૂજા થાય છે. તેને ધ્યાન લઈને નવરાત્રિમાં ૯ દિવસ વ્રત રાખશે. સીમા હૈદર અને તેનો આખો પરિવાર નવદુર્ગા માતાની પૂજા કરશે. હાલમાં સીમા અને સચિને પોતાના ઘરમાં એક રુમ બનાવ્યો છે. એપી સિંહે કહ્યું કે, ગૃહ પ્રવેશના કાર્યક્રમમાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું છે. આ દરમ્યાન સીમાએ ભારતની પાકિસ્તાન પર શાનદાર ક્રિકેટ મેચમાં જીતના વખાણ પણ કર્યા હતા. તેણે કહ્યું કે, ભારત દરેક ફોર્મેટમાં સારુ પ્રદર્શન કરી રહ્યું છે. ઈંડિયન ક્રિકેટ ટીમમાં તેને વિરાટ કોહલી અને રોહિત શર્મા ખૂબ પસંદ છે. આપને જણાવી દઈએ કે, પાકિસ્તાનની રહેવાસી સીમા હૈદર પબજી ગેમ દ્વારા ગ્રેટર નોઈડામાં રહેતા સચિન મીણા સાથે પ્રેમ થઈ ગયો હતો. ત્યાર બાદ નેપાળ જઈને બંનેએ લગ્ન પણ કર્યા હતા. ત્યાર બાદ સીમા પોતાના ચાર બાળકોને લઈને દુબઈ થતાં નેપાળ આવી. અને ત્યાંથી નોઈડામાં સચિનના ઘરે આવી ગઈ. નોઈડામાં સચિનના ઘરે ઘણા દિવસ સુધી રહી. ત્યાર બાદ આ અંગે પોલીસને જાણ કરી. જે બાદ પોલીસે તમામને હરિયાણાના ફરીદાબાદમાંથી ધરપકડ કરીને જેલમાં મોકલી દીધા. ત્યાંથી જામીન લઈને સીમા અને સચિન રબૂપુરામાં પોતાના ઘરે આવી ગયા.

ઈઝરાયેલ-હમાસ યુદ્ધે ભયંકર સ્વરૂપ ધારણ કર્યું

# ઈઝરાયેલ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવા ઓઆઈસીની બેઠકમાં અપીલ

## સદસ્ય દેશો સાથે ઈઝરાયેલના રાજદ્વારી સબંધો છે તેઓ ઈઝરાયેલી રાજદૂતોને હાંકી કાઢવા ઈરાનની અપીલ

નવી દિલ્હી, તા.૧૮

પેલેસ્ટિનિયન આતંકવાદી સંગઠન હમાસ અને ઈઝરાયેલ વચ્ચે ચાલ રહેલા યુદ્ધે હવે ભયંકર રૂપ લઈ લીધુ છે. આ યુદ્ધ વચ્ચે ઈરાનના મુસ્લિમ દેશોના સંગઠન ઓઆઈસીની બેઠકમાં તમામ સદસ્ય દેશોને ઈઝરાયેલ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવાની અપીલ કરી છે.

ઈરાને કહ્યું કે, સંગઠનના તમામ સદસ્યો દેશો ઈઝરાયેલ સાથે તેલ સહિત અન્ય પ્રકારના તમામ વેપારો પર પ્રતિબંધ લાદી દો. આ સાથે જ તેમણે કહ્યું કે, જે સદસ્ય દેશો સાથે ઈઝરાયેલના રાજદ્વારી સબંધો છે તેઓ ઈઝરાયેલી રાજદૂતોને હાંકી કાઢો. મંગળવારે ગાઝાની એક હોસ્પિટલમાં બ્લાસ્ટના કારણે મોટી સંખ્યામાં પેલેસ્ટિનિયન નાગરિકોના મોત થઈ ગયા હતા. તેના પર ચર્ચા કરવા માટે આજે સાઉદી આરબના જેદ્દા શહેરમાં ઓઆસીની એક ઈમરજન્સી બેઠક બોલાવી હતી.

આ બેઠકમાં ઈરાનના વિદેશ મંત્રી હુસૈન અમીર અબ્દુલ્લાહિયાન સામેલ થયા હતા અને તેમણે ઈઝરાયેલ પર પ્રતિબંધ લાદવાની અપીલ કરી હતી.

ઈરાનના વિદેશ મંત્રીએ બેઠકમાં કહ્યું કે, તમામ મુસ્લિમ દેશો તાત્કાલિક અસરથી ઈઝરાયેલ પર સંપૂર્ણ પ્રતિબંધનું એલાન કરી દો. જેમાં તેલથી લઈને અન્ય તમામ વસ્તુઓ સામેલ હોય. આ સાથે જ જે મુસ્લિમ દેશોના ઈઝરાયેલ સાથે રાજદ્વારી સંબંધો છે તે દેશ તાત્કાલિક પોતાના દેશમાંથી ઈઝરાયેલી રાજદૂતોને હાંકી કાઢો.

ચૂંટણીની જાહેરાત બાદ રાજસ્થાનમાં રાજકારણ ગરમાયું

# લોકોનું સમર્થન ન હોત તો અડધા ધારાસભ્યો સાથ છોડી દેત : ગેહલોત


## ટિકિટ આપતી વખતે ઉમેદવારોની જીતવાની ક્ષમતાને પણ જોવાશે એવો રાજસ્થાનના મુખ્યપ્રધાનનો દાવો

જયપુર, તા.૧૮

ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીની જાહેરાત કર્યા બાદથી રાજસ્થાનમાં રાજકારણ ગરમાયું છે. મુખ્યમંત્રી અશોક ગેહલોતે પીએમ મોદી અને અમિત શાહ સામે તેમની સરકાર પાડી દેવા માટે કાવતરું ઘડવાનો આરોપ મૂક્યો છે. તેમણે કહ્યું કે જો મારી પાસે લોકોનું સમર્થન ન હોત તો મારા અડધા ધારાસભ્યો મારો સાથ છોડી જતાં રહ્યા હોત. સીએમ અશોક ગેહલોતે કહ્યું કે રાજસ્થાન રાજકીય ચર્ચાનો હિસ્સો એટલા માટે નથી બન્યો કેમ કે અમિત શાહ, ગજેન્દ્ર શેખાવતે અમારી સરકાર પાડી દેવાના ઘણાં પ્રયાસો કર્યા. બની શકે કે તેમને પીએમ મોદીના આશીર્વાદ મળ્યા હોય. તેમણે મધ્યપ્રદેશ, કર્ણાટક, મહારાષ્ટ્રમાં સરકાર પાડી દીધા બાદ અહીં પણ સરકાર પાડી દેવાનો પ્રયાસ કર્યો પણ લોકોના આશીર્વાદ અમારી સાથે છે. સીએમ ગેહલોતે કહ્યું કે ટિકિટ આપતી વખતે ઉમેદવારોની જીતવાની ક્ષમતાને પણ જોવાશે. તેમણે કહ્યું કે સ્થાનિક સ્તરે પ્રજાનું કામ તો વર્તમાન ધારાસભ્યોના માધ્યમથી જ થયું છે તો તેમને કેવી રીતે ટિકિટની ના પાડી શકાય? તેમણે કહ્યું કે રાજ્યમાં કોંગ્રેસના ધારાસભ્યો ભ્રષ્ટ હોવાની અફવાઓ ભાજપ અને આરએસએસએ ફેલાવી છે. જો લોકતંત્ર બચાવવું હોય તો કોંગ્રેસને ફરી સત્તામાં લાવવી પડશે.

# કમીગઢ, લાખાપાદર સહિતનાં ગામોમાં સાફસફાઇ ઝુંબેશ યોજાઇ



રાજયવ્યાપી 'સ્વચ્છતા' અભિયાન અંતર્ગત રાજયના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં સ્વચ્છતા ઝુંબેશને વધુ અસરકારક બનાવવા હવે દૈનિક ધોરણે ખાસ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. જિલ્લામાં આગામી બે મહિના દરમિયાન સાફ – સફાઈ અભિયાન હાથ ધરવામાં આવશે ઉપરાંત આગામી ૮ સપ્તાહ દરમિયાન દર રવિવારે થીમ આધારિત વિશેષ સ્વચ્છતા ઝુંબેશ પણ હાથ ધરવામાં આવશે.સમગ્ર રાજયમાં સ્વચ્છતા હી સેવા ઝુંબેશ વેગવંતી બની છે. તા.૧૬ થી ૨૧ ઓકટોબર–૨૩ સુધી શહેર અને ગ્રામ્ય વિસ્તારના તમામ મ્યુઝીયમ, હેરીટેજ બિલ્ડિંગ, મહા પુરૂષોની પ્રતિમા,નદી તળાવ સહિતના પાણીના સ્ત્રોત્રની સાફ – સફાઈનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત રાજુલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલ તળાવોની સાફ – સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ઉપરાંત અમરેલી જિલ્લાના કમીગઢ, લાખાપાદર સહિતના ગ્રામીણ વિસ્તારમાં સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જિલ્લામાં ચાલુ સપ્તાહે ગ્રામ્ય કક્ષાએ વિવિધ જગ્યાએ જાહેર સ્વચ્છતા, કચરો એકઠો થતો હોય તે જગ્યાની સફાઈ – લોકો ઘરે જે ભીનો અને સુકો કચરો અલગ કરે તે બાબતે જન જાગૃત્તિ, સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ, મ્યુઝીયમ અને હેરિટેજ બિલ્ડિંગો, શાળાઓ, મહા પુરૂષોની પ્રતિમા, પ્રવાહી કચરાના નિકાલ માટે ભુગર્ભ ગટરની સાફ – સફાઈ, જળાશયો અને નદી નાળાની સાફ સફાઈ ઝુંબેશ પુરજોશમાં ચાલી રહી છે. સમગ્ર રાજયમાં હાલ 'સ્વચ્છતા હી સેવા' અભિયાન પૂરજોશમાં આગળ વધી રહ્યું છે. આવો જિલ્લાના સૌ નાગરિકો સ્વચ્છતા હી સેવા મહા અભિયાનમાં સહભાગી બનીને આપણી ભારતીય નાગરિક તરીકેની સાચી ફરજ અદા કરીએ.

### શિક્ષણ વિભાગનાં પદાધિકારીઓ અને અધિકારીઓની ઉપસ્થિતિમાં

# બગસરાનાં માણેકવાડા પ્રાથમિક શાળા ખાતે ગણિત–વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન યોજાયું

### બાળ વૈજ્ઞાનિકોને શૈક્ષણિક કિટ અર્પણ કરાઈ

બગસરા, તા.૧૮

બગસરા તાલુકાના માણેકવાડા મુકામે પ્રાથમિક શાળામાં તાલુકા કક્ષાનું ગણિત વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરાયેલ.

આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન રમીલાબેન ભીખાભાઈ ધોરાજીયાના પ્રતિનિધિ ભીખાભાઈ ધોરાજીયા, જિલ્લા શિક્ષણ સમિતિના સભ્ય અને જિલ્લા પંચાયતના સદસ્ય ઈલાબેન ધીરૂભાઈ માયાણીના પ્રતિનિધિ ધીરૂભાઈ માયાણી, બગસરા તાલુકા પંચાયતના પ્રમુખના પ્રતિનિધિ બાબુભાઈ બકરાણીયા, જિલ્લા પંચાયતના સદસ્ય ચંદુભાઈ વાગડીયા, શંભુભાઈ મહિડા, તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર,ગામના સરપંચ શારદાબેન સાવલિયા, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ હસમુખભાઈ, તાલુકા પંચાયતના સદસ્ય અસ્વીનભાઈ કોરાટ, મધુભાઈ લોઘણવદરા, કાંતિભાઈ વેકરિયા, તાલુકા વિકાસ અધિકારી શિરોયા, તાલુકા ભાજપ ઉપપ્રમુખ બાબુભાઈ, તાલુકા યુવા ભાજપ ઉપપ્રમુખ અંકિતભાઈ, લીલીયા તાલુકા પંચાયત સદસ્ય ઘનશ્યામભાઈ,લીલીયા યુવા મોરચાના પ્રમુખ આનંદભાઈ, તાલુકા શિક્ષક સંઘના પ્રમુખ – મંત્રી, તાલુકા શૈક્ષણિક સંઘના પ્રમુખ – મંત્રી, શિક્ષક મંડળીના પ્રમુખ – મંત્રી, મીડિયા સેલ ઉપસ્થિત રહી બાલ વૈજ્ઞાનિકોની કૃતિઓ નિહાળી




તસ્વીર : સમીર વિરાણી–બગસરા

પ્રોત્સાહીત કરેલ. આ વિજ્ઞાન પ્રદર્શનમાં કુલ ૫ વિભાગની અંદર ૨૫ કૃત્તિઓ લઈને કુલ ૫૦ બાળ વૈજ્ઞાનિકો અને ૨૫ માર્ગદર્શક શિક્ષકો એ ભાગ લીધેલ. કૃતિઓ લઈને આવનાર તમામ સ્પર્ધક બાળ વૈજ્ઞાનિકને બગસરા તાલુકા શિક્ષક શરાફી મંડળી તથા તાલુકા શિક્ષક સંઘ તરફથી શૈક્ષણિક કીટ તેમજ શિક્ષણ વિભાગ બગસરા દ્વારા તમામ સ્પર્ધકોને અને માર્ગદર્શક શિક્ષકોને પ્રમાણપત્રો એનાયત કરાયેલ.ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજયની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં અમલીકરણ કરાયેલ બાલવાટિકા, પ્રજ્ઞા અભિગમ તેમજ નિપુન ભારત મિશન અંતર્ગત પ્રચાર પ્રસાર માટે આ પ્રદર્શનમાં બી.આર.સી.ભવન દ્વારા સાહિત્યનો સ્ટોલ બનાવી તમામ મહાનુભવોને માહિતગાર કરી પ્રજ્ઞા તથા નિપુણ ભારત મિશનનો પ્રચાર પ્રસાર કરેલ.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં તાલુકાના શિક્ષણ વિભાગના તમામ સ્ટાફ તથા શાળા પરિવાર દ્વારા જહેમત ઉઠાવી સફળ તા પૂવક કાર્યક્રમ પૂર્ણ કરાયેલ.

### ચૂંટણી સમયે આપેલ વચનને ૧૧ મહિનામાં પરિપુર્ણ કર્યુ

# ભૈ વાહ : અમરેલીના વરૂડી, વેણીવદર, પીપળલગ, દહિંડા, રાંઢિયા માર્ગનું કામ મંજુર કરાવતા કૌશિક વેકરિયા

### ગ્રામ્ય વિસ્તારની જનતાએ નાયબ દંડકની કામગીરીને બિરદાવી





પ્રતિકાત્મક તસ્વીર

અમરેલી, તા.૧૮

અમરેલી શહેર અને જિલ્લાનાં વિકાસકામો એક પછી એક મંજુર કરાવવાનું બીડું ઝડપ્યું હોય એમ અમરેલી, વડિયા, કુંકાવાવના યુવાન ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભા નાં નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયા હાલ કામ કરી રહયાનું જણાય છે.

વિકાસને વરેલી રાજય સરકારે અમરેલી તાલુકાનાં અમરાપુર, વરૂડી, વેણીવદર, પીપળ લગ, દહિંડા, રાંઢીયા રોડનાં નવિનીકરણનું કામ મંજુર કરવામાં આવ્યું છે.

આ વિકાસકાર્યો મંજુર થયા બદલ પીપળલગ ગામનાં સરપંચ રણજીતભાઈ વાળા, રાંઢ ીયાના સરપંચ અરવિંદભાઈ કાકડિયા, દહીડાનાં સરપંચ ભૂપતભાઈ મકાણી, તથા વેણીવદરના સરપંચ ભરતભાઈ ગોલ દ્વારા કૌશિકભાઈ વેકરીયાનો સામુહિત આભાર માનવામાં આવ્યો છે. ચુંટણી પ્રચાર સમયે ધારાસભ્ય દ્વારા પોતાનાં કાર્યકાળમાં કોઈપણ ગ્રામીણ વિસ્તારને પાકા રસ્તાથી અને પાયાની સુવિધાઓથી વંચિત નહી રહેવા દેવાનું જે વચન આપ્યું હતું તે મુજબ જ કામગીરી કરતા હોવાથી અમરેલી વિધાનસભાનાં ગ્રામીણ જનોમાં આનંદની લાગણી છવાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે નાયબ દંડક તરીકેની જવાબદારી સંભાળ્યા બાદ દિવસ અને રાત મતવિસ્તારના વિકાસ માટે પ્રયત્નશીલ કૌશિકભાઈ વેકરિયા દ્વારા અમરેલીમાં સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, અમરેલી, લીલીયા ફોરલેન રોડ, રીંગ રોડ સહિતનાં અનેક મોટા વિકાસકાર્યો મંજુર કરાવ્યા છે. રોડ રસ્તાનાં પ્રાથમિક અને પાયાનાં પ્રશ્નોનું વીજળી ઝડપે નવિનીકરણ અને નવા રસ્તાઓ મંજુર કરાવવા માટે તેઓ પ્રયત્નશીલ છે. ફકત વાયદા નહીં પરંતુ નકકર કામ અને પરિણામને વરેલા વેકરીયાએ રાજય સરકારમાંથી અમરેલી માટે અનેક વિકાસકામો મંજુર કરાવ્યા છે.ત્યારે અમરાપુર,વરૂડી, વેણીવદર, પીપળલગ, દહિંડા, રાંઢીયા રોડનાં નવિનીકરણનું કામ મંજુર કરાવવા બદલ સરપંચઓ વેકરીયાનો સામુહિક આભાર વ્યકત કરે છે.

# અમરેલી જિલ્લામાં શિક્ષણથી વંચિત બાળકોનાં સર્વેની કામગીરી હાથ

અમરેલી, તા.૧૮

સમગ્ર શિક્ષા અંતર્ગત જિલ્લામાં ૬ થી ૧૮ વર્ષની વયજુથના શિક્ષાથી વંચિત રહી ગયેલ (( ધો.૧ થી ૧૨ સુધીનું કદી શિક્ષણ મેળવેલ નથી તેવા અને ધો.૧૨ સુધીનું શિક્ષણ પૂર્ણ કર્યા વગર અધવચ્ચેથી શાળા છોડી દીધેલ છે તેવા) દિવ્યાંગ સહિતના તમામ બાળકોનો સર્વે અમરેલી જિલ્લાની તમામ પ્રાથમિક શાળા મારફત હાથ ધરવામાં આવેલ છે. તા.૧/૧૧/૨૦૨૩ થી ૮/૧૧/૨૦૨૩ સુધી થનાર શાળા બહારના બાળકોના સર્વેમાં જાહેર જનતાને સહભાગી થવા જણાવવામાં આવે છે. આવા બાળકો કોઈના ધ્યાનમાં આવે તો નજીકની પ્રાથમિક શાળાના આચાર્યને જાણ કરવા જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અમરેલી તરફથી એક યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

# ચલાલામાં જરૂરિયાતમંદ બાળકોને કપડાનું વિતરણ કરાયું



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ, ચલાલા ખાતે પૂ.રતિદાદા દ્વારા જરૂરિયાતમંદ બાળકો અને દિકરીઓ કપડા વિતરણ કર્યા. માનવસેવા અને લોકસેવા કલ્યાણકારી કાર્યોની અવિરત ધારા વહેડાવતી ભાગીરથી રૂપી સંસ્થા, ચલાલા અને આજુ–બાજુનાં વિસ્તાર માટે આશીર્વાદરૂપ એવા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ, ચલાલા દ્વારા જરૂરિયાતમંદ બાળકો અને દીકરીઓને કપડા વિતરણ કરવામાં આવ્યા હતા. પૂ.રતિદાદા જણાવ્યું હતું કે આવા સેવાકાર્યમાં દાતાઓનો સહયોગ ખુબ અગત્યનો છે. શાંતિબાપા દોરડાવાળા, સાવરકુંડલા તરફથી સહયોગ પ્રાપ્ત થાઓ હતો. આ સેવાકાર્યથી બધા બાળકો અને દીકરીઓ ખુબ જ ખુશ થયા હતા. અને અંતરના આશીર્વાદ આપ્યા હતા.આ કાર્યક્રમ સફળ બનાવવા ભારતભૂષણ મહેશભાઈ મહેતા, મંજુબા શીતલબેન મહેતા વગેરેએ ખુબ જહેમત ઉઠાવી હતી.

# અમરેલીનાં ૨૪×૭નાં સેવાભાવીઓ ૧૫૦૦થી વધુ દર્દીનાં હમદર્દ બન્યા



હોસ્પિટલમાં દાખલ થયેલ દર્દીઓને તેમના સગાંઓને નાની–મોટી ખાદ્ય સામગ્રી અને કેટલાંક સ્થળોએ તો ભોજન પહોંચાડવાનુ કામ કરતી સેવાકીય સંસ્થાઓ સમગ્ર ગુજરાતમાં કામ કરી રહી છે. પરંતુ, અમરેલીમાં ૨૪ × ૭ ગૃપ દ્વારા તેની સાથે સાથે દર્દીઓ સાથે ભાવાત્મક સબંધ ઉભો કરી તેને હુંફ અને સધિયારો આપવાનો એક નવીનતમ પ્રયોગ હાથ ધરાયો છે. છેલ્લા કેટલાંક સમયથી અમરેલી રેડક્રોસ બ્લડ બેંકના ચેરમેન અને પૂર્વ જીલ્લા ભાજપ પ્રમુખ ડો. ભરતભાઈ કાનાબાર અને તેમના સાથી કાર્યકરોની ટીમ દર રવિવારે અમરેલી સિવિલ હોસ્પિટલની મુલાકાત લે છે. આ મુલાકાત દરમ્યાન દર્દીઓમાં બિસ્કીટ, ફ્રુટસ જેવી વસ્તુઓનું વિતરણ તો કરાય છે પણ સાથે સાથે ૨૪ × ૭ ગૃપના સદસ્યો બે–બેની ટીમમાં અલગ અલગ વોર્ડમાં જાય છે અને દર્દીઓને જાણે તેમના નજીકના સગાં હોય તે રીતે લાગણીથી તેમના ખબર અંતર પુછે છે. તેમના પરિવાર વિષે અને તેમના રોગ અને સારવાર વિષે પુછપરછ કરે છે અને આ સમગ્ર વિગત પોતાની ડાયરીમાં નોંધી લે છે. દર્દી અથવા તેમની સાથે આવેલ પરિવારના સદસ્યોનો ફોન નંબર લખી લે છે અને ત્યારપછી દર બે–ત્રણ દિવસે તેમને ફોન કરી તેમના ખબર અંતર પુછતા રહે છે. દર્દીની મુલાકાત લેનાર ૨૪ × ૭ના મેમ્બરો પોતાનો નંબર પણ દર્દીને આપે છે અને ગમે ત્યારે કાંઈપણ જરૂર પડે ત્યારે તેમનો સંપર્ક કરવા કહે છે. આમ આ સમગ્ર મુલાકાતનો મૂળ હેતું દર્દી સાથે ભાવાત્મક સબંધ ઉભો કરવાનો અને અમરેલીમાં તેમની મદદ કરવા તૈયાર અન્ય લોકો પણ છે તેવો અહેસાસ કરાવવાનો છે. ૨૪ × ૭ના મેમ્બરોનો અનુભવ છે કે દર્દી સાથે આ રીતે લાગણીથી સંવાદ કરવાથી દર્દીને પણ સધિયારો મળે છે, તેનો આત્મ વિશ્વાસ વધે છે અને સરવાળે તેમનું મનોબળ મજબુત થાય છે જે તેમને જલ્દી સાજા થવામાં મદદરૂપ થાય છે. ૨૪ × ૭ ગૃપના મેમ્બરો અત્યાર સુધીમાં લગભગ ૧૫૦૦ જેટલા દર્દીઓને આ રીતે મળી ચુકયા છે. તેમની સિવિલ હોસ્પિટલની એક મુલાકાતમાં કેન્દ્રીય મંત્રી પરશોત્તમભાઈ રૂપાલા પણ આવેલા અને તેમણે કહયું કે, ''તમારી આ પ્રવૃત્તિ અમરેલીને સમગ્ર રાજયમાં પ્રતિષ્ઠા અપાવે તેવી છે.'' ડો. ભરત કાનાબારે જણાવ્યું કે તેમની આ પ્રવૃત્તિથી પ્રભાવિત થઈ, અમરેલી જીલ્લાના અન્ય તાલુકામાં સ્થાનિક સેવાભાવી યુવાનોએ તેમના વિસ્તારમાં આ રીતે કામ કરવાની તૈયારી બતાવી છે. દિવાળી બાદ જીલ્લાના અન્ય તાલુકા મથકોએ પણ સ્થાનિક લોકોના સહકારથી આ અભિયાન ચાલું થાય તેવા પ્રયત્નો કરીશું. આ પ્રવૃત્તિમાં ઓકસફર્ડ સ્કૂલ દ્વારા રૂા. ૧૧,૦૦૦/–નું આર્થિક અનુદાન પ્રાપ્ત થયું છે. હાલ દર અઠવાડીએ દર્દીઓમાં બિસ્કીટ, ફળોના વિતરણ માટે સરેરાશ રૂા. ૬૦૦૦/– જેટલો ખર્ચ આવે છે.

### સામાજીક કાર્યકર રઘુવીરભાઇ વરૂ

## રાજુલા વિભાગના વિશ્વ ગુજરાતી સમાજના યુથ વિંગના સહ ઇન્ચાર્જ બન્યા

### મિત્રો, શુભેચ્છકોએ શુભકામના પાઠવી

અમરેલી, તા. ૧૮

સામાજિક કાર્યકર રઘુવીરભાઈ વરૂની વિશ્વ ગુજરાતી સમાજ યુથ વિંગના રાજુલા વિભાગના સહ ઈન્ચાર્જ તરીકે નિયુકિત થઈ છે.

સામાજિક કાર્યકર અને યુવા ભાજપના અગ્રણી રઘુવીરભાઈ વરૂની વિશ્વ ગુજરાતી સમાજ યુથ વિંગના રાજુલા વિભાગના સહ ઈન્ચાર્જ તરીકે નિયુકિત કરવામાં આવેલ છે.



આ નિમણૂંક થવા બદલ રઘુવીરભાઈએ સંસ્થાના પ્રમુખ સી. કે. પટેલ અને અમરેલી જિલ્લા યુથ વિંગના કન્વીનર રિતેશભાઈ સોનીનો આભાર માનેલ છે.

### લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૬૭ | ૧૪૮૦ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૨૦૦ | ૮૧૦ |
| ૩ | સોયાબીન | ૯૦૦ | ૯૦૦ |

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૦૪ | ૧૨૭૪ |
| ૨ | શિંગ મોટી | ૧૦૪૫ | ૧૪૨૦ |
| ૩ | શિંગદાણા | ૧૦૦૦ | ૧૫૮૦ |
| ૪ | તલ સફેદ | ૨૦૭૦ | ૩૩૧૫ |
| ૫ | તલ કાળા | ૧૪૦૦ | ૩૨૪૦ |
| ૬ | બાજરો | ૩૩૩ | ૪૧૫ |
| ૭ | જુવાર | ૯૦૦ | ૧૧૬૧ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૬૧ | ૬૫૦ |
| ૯ | ઘઉં લોકવન | ૫૧૭ | ૫૮૨ |
| ૧૦ | મગ | ૧૪૯૨ | ૧૮૦૨ |
| ૧૧ | અડદ | ૧૨૫૦ | ૧૮૭૫ |
| ૧૨ | ચણા | ૮૦૦ | ૧૨૦૦ |
| ૧૩ | તુવેર | ૧૯૪૫ | ૨૦૦૦ |
| ૧૪ | કપાસ | ૯૬૫ | ૧૫૦૪ |
| ૧૫ | એરંડા | ૧૦૫૦ | ૧૧૪૬ |
| ૧૬ | રાયડો | ૯૨૬ | ૯૨૬ |
| ૧૭ | ધાણા | ૧૨૦૦ | ૧૨૩૦ |
| ૧૮ | સોયાબીન | ૬૬૫ | ૯૦૨ |

### બાબરા નજીક આવેલ

## વાવડી ગામે ડીશ દ્વારા કેબલ નેટવર્કમાં સ્ટાર કંપનીની ચેનલનું પ્રસારણ કરતાં ફરિયાદ

### વાવડી ગામનાં કેબલ સંચાલક સામે ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૧૮

બાબરા તાલુકાનાં વાવડી ગામે રહેતા વિનુભાઈ પટેલ વાવડી ગામે પ્રભાત કેબલ નેટવર્કનાં સંચાલક હોય અને તેઓ સ્ટાર ઈન્ડિયા કંપનીની પરવાનગી કે લાયસન્સ લીધા વગર સ્ટાર ઈન્ડિયાની અલગ–અલગ ચેનલનું ડીશ ધ્વારા કેબલ નેટવર્કથી પ્રસારણ તથા ફેર પ્રસારણ કરી કંપનીને આર્થિક નુકસાન કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

### ટ્રસ્ટી મનિષ સંઘાણી, હિરેન ચાવડા, બાબુભાઈ રાજયગુરૂનાં માર્ગદર્શનતળે

## અમરેલીની ગાયત્રી શકિતપીઠ ખાતે ૧૪૬મો નેત્રમણિ, નેત્રયજ્ઞ યોજાયો

### રાજકોટની રણછોડદાસ હોસ્પિટલે કર્યો સહયોગ

અમરેલી, તા. ૧૮

રણછોડદાસજી હોસ્પિટલ, રાજકોટ તથા ગાયત્રી શકિત પીઠ અમરેલીનાં સહયોગથી ૧૪૬ માં નેત્રયજ્ઞનું આયોજન ગાયત્રી શકિતપીઠ અમરેલી ખોત થયું જેમાં ૭૪ દર્દી, નારાયણનાં મોતીયાના ઓપરેશન માટે રાજકોટ મુકામે રણછોડદાસજી હોસ્પિટલમાં થયેલ.

નેત્રયજ્ઞને સફળ બનાવવા માટે ગાયત્રી શકિત પીઠનાં ટ્રસ્ટી બાબુભાઈ રાજયગુરૂ હંસરાજભાઈ સાકરીયા, હિરેન ચાવડા, ધીરૂભાઈ દેસાઈ, નાનજીભાઈ પાથર, કમલેશભાઈ,મહેતા, નિમીષાબેન વાઢેર વગેરે ટ્રસ્ટીઓએ જહેમત ઉઠાવેલ.

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૬૩૬ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૪૨૧ |
| ૩ | તલ કાળા | ૩૪૩૬ | – |
| ૪ | જીરૂ | ૯૦૦૦ | – |
| ૫ | કપાસ | ૧૩૨૧ | ૧૪૯૨ |
| ૬ | ઘઉં લોકવન | ૪૭૭ | ૫૮૯ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૬૩૨ |
| ૮ | બાજરો | ૩૬૫ | ૪૫૦ |
| ૯ | જુવાર | ૭૦૦ | ૧૦૭૩ |
| ૧૦ | મકાઈ | ૫૦૦ | ૬૦૦ |
| ૧૧ | મગ | ૧૩૦૦ | – |
| ૧૨ | અડદ | ૧૪૫૧ | ૧૯૫૫ |
| ૧૩ | ચણા | ૯૫૧ | ૧૧૭૬ |
| ૧૪ | સોયાબીન | ૭૫૧ | ૮૯૦ |
| ૧૫ | ધાણા | ૧૦૦૦ | ૧૪૯૯ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૩૫ | ૧૫૮૫ |
| ૨ | મગફળી | ૧૧૫૮ | ૧૨૯૨ |
| ૩ | તલ સફેદ | ૨૮૩૦ | ૩૧૭૦ |
| ૪ | અડદ | ૧૪૬૫ | ૧૭૩૫ |
| ૫ | ઘઉં | ૪૪૫ | ૫૨૫ |
| ૬ | સોયાબીન | ૮૦૭ | ૮૪૩ |
| ૭ | બાજરો | ૩૭૦ | ૪૦૦ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૮૧ |
| ૨ | ચણા | ૧૦૯૦ | ૧૨૫૧ |
| ૩ | રાય | ૧૦૮૦ | ૧૨૦૦ |
| ૪ | સોયાબીન | ૭૩૩ | ૮૬૦ |
| ૫ | ધાણા | ૯૭૫ | ૧૨૨૦ |
| ૬ | મગફળી | ૯૦૧ | ૧૧૮૯ |
| ૭ | તુવેર | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૮ | ઘઉં લોકવન | ૫૦૨ | ૫૩૫ |
| ૯ | તલ સફેદ | ૨૬૫૦ | ૨૭૭૦ |
| ૧૦ | અડદ | ૧૫૮૦ | ૧૫૮૦ |
| ૧૧ | મગ | ૧૬૯૦ | ૧૬૯૦ |

### મીડિયા જગતે અવાર–નવાર અહેવાલ પ્રસિદ્ધ કરતા

## અંતે સાવરકુંડલાની શાકમાર્કેટનો ખાતર વાડીમાં સ્થળાતંર કરવાનો નિર્ણય થયો

### શહેરીજનોની માંગને લઈને ગંદકીની સમસ્યાનું થશે નિરાકરણ

સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા શહેરમાં નાવલી નદીનાં પટમાં બેસતી શાકમાર્કેટની જગ્યા જરૂરી સાફ સફાઈનાં અભાવે લોકોનાં આરોગ્યને હાની કરતા હોય જેની સાવરકુંડલા નગરપાલિકા દ્વારા નોંધ લઈને શાકમાર્કેટમાં બેસતાં ધંધાર્થીઓ માટે અમરેલી રોડ પર આવેલ જુની ખાતરવાડી જગ્યા નિયત કરવામાં આવેલ છે. અને આજથી દિવસ બે માં પોતાનો વ્યવસાય જુની ખાતરવાડી અમરેલી રોડ પર ફેરવી નાખવા નગરપાલિકા દ્વારા સુચના આપવામાં આવી છે.



આ જાહેરાતની સુચનાનો અમલ ન થયેલી દંડ સહિતની બધી કાર્યવાહીઓ કરવાની તંત્ર દ્વારા ફરજ પડશે એમ પણ જાહેર લાઉડ સ્પીકર દ્વારા સુચિત કરવામાં આવેલ છે.

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૫ | ૧૫૦૧ |
| ૨ | મગફળી | ૯૦૦ | ૧૨૯૦ |
| ૩ | ઘઉં | ૪૩૦ | ૫૨૫ |
| ૪ | ચણા | ૧૦૦૧ | ૧૧૨૬ |
| ૫ | જુવાર | ૮૬૦ | ૯૧૦ |
| ૬ | શીંગદાણા | ૧૦૦૦ | ૧૩૧૩ |
| ૭ | તુવેર | ૧૯૧૯ | ૧૯૧૯ |
| ૮ | ધાણા | ૧૦૦૬ | ૧૧૦૦ |
| ૯ | મકાઈ | ૪૮૦ | ૪૮૦ |
| ૧૦ | સોયાબીન | ૭૧૧ | ૮૫૪ |


### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૩૦ | ૧૩૪૯ |
| ૨ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૩ | કપાસ | ૧૩૦૦ | ૧૪૮૦ |
| ૪ | બાજરો | ૩૮૬ | ૪૭૧ |
| ૫ | ઘઉં કાળા | ૩૩૦ | ૩૩૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૯૨ | ૫૨૨ |
| ૭ | જુવાર | ૫૭૧ | ૧૨૫૦ |
| ૮ | ચણા | ૭૦૦ | ૮૦૧ |
| ૯ | સોયાબીન | ૮૨૦ | ૮૫૯ |

### વર્ષ ૨૦૨૩નું આખરી ખંડગ્રાસ ચંદ્રગ્રહણનો અવકાશી નજારો

# શરદપૂનમની મધ્યરાત્રીએ ખંડગ્રાસ ચંદ્રગ્રહણનો અદ્‌ભુત અવકાશી નજારો જોવા મળશે

## ગ્રહણ નરી આંખે જોઈ શકાશે, અવકાશી ભૂમિતિ-પરિભ્રમણની



અમદાવાદ, તા. ૧૮

ભારત સહિત વિશ્વના અમુક દેશો–પ્રદેશોમાં શનિવાર તા. ૨૮/૨૯ ઓકટોબરે ખંડગ્રાસ ચંદ્રગ્રહણનો સાડા ચાર કલાકનો અદ્‌ભુત અવકાશી નજારો બનવાનો છે. અમુક પ્રદેશોમાં ગ્રસિત સાથે ખંડગ્રાસ ચંદ્રગ્રહણનો બેનમુન અલૌકિક નજારો નિહાળવા–માણવા, ફોટોગ્રાફી–વિડીયોગ્રાફી કરવાનો લ્હાવો લોકોને મળવાનો છે. રાજયભરમાં ગ્રહણ નિદર્શન કાર્યક્રમ ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અમલમાં મુકયો છે. અવકાશી ગ્રહણની ભૂમિતિની રમત, પરિભ્રમણ અને ખગોળીય ઘટના વિશે જાથા મહિતગાર કરનાર છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે સંવત ૨૦૭૯ આસો શુકલ પક્ષ પુનમને શનિવાર તા. ૨૮/૨૯ ઓકટોબર ૨૦૨૩ મેષ રાશિ અશ્વિની નક્ષત્રમાં થનારૂં ખંડગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે. અમુક જગ્યાએ ગ્રસિત ગ્રહણ ઉપરાંત એશિયા, ઓસ્ટ્રેલિયા, પૂર્વ અમેરિકા, યુરોપ અને આફ્રિકામાં જોવા મળશે.

ભારતમાં ભૂમંડલે **ગ્રહણ સ્પર્શ :** ૨૩ કલાક ૩૧ મિનિટ ૪૪ સેકન્ડ, **ગ્રહણ સંમીલન :** ૨૫ કલાક ૦૫ મિનિટ ૧૮ સેકન્ડ, **ગ્રહણ મધ્ય :** ૨૫ કલાક ૪૪ મિનિટ, **ગ્રહણ ઉન્મીલન :** ૨૬ કલાક ૨૨ મિનિટ ૩૭ સેકન્ડ, **ગ્રહણ મોક્ષ :** ૨૭ કલાક ૫૬ મિનિટ, ૧૯ સેકન્ડ, **પરમ ગ્રાસ :** ૦.૧૨૨ રહેશે. **ખંડગ્રાસ કાળ :** ૧ કલાક ૧૭ મિનિટનો રહેશે.

જાથાના જયંત પંડયા જણાવે છે કે ખંડગ્રાસ ચંદ્રગ્રહણમાં ગ્રસિત ભાગ મુંબઈ, સુરત, અમદાવાદ, રાજકોટ સહિત જિલ્લા મથકે જોવા મળશે. જયારે અન્ય પ્રદેશોમાં ખંડગ્રાસ જોવા મળશે. બેલ્જિયમ, થાઈલેન્ડ, પોર્ટુગલ, હંગેરી, ઈજિપ્ત, તુર્કી, ઈન્ડોનેશિયા, ગ્રીસ, ઈટાલી, સ્પેન, ઈંગ્લેન્ડ, મ્યાનમાર, સાઉથ આફ્રિકા, ફ્રાન્સ, નાઈજીરીયા, જાપાન, ચીન વિગેરે પ્રદેશ–દેશોમાં લોકોને જોવાનો લ્હાવો મળશે. સાડા ચાર કલાકની ગ્રહણની અવધિ હોય ખગોળીય આનંદ લૂંટી શકાશે.

જાથાના પંડયા જણાવે છે કે તા. ૨૮ મી રાત્રિના સાડા અગિયાર કલાકથી શરૂ થનારૂ ગ્રહણ તા. ૨૯ મી ૩ કલાક ૫૬ મિનિટ સુધી ગ્રસિત–ખંડગ્રાસ ગ્રહણ નરી આંખે જોઈ શકાશે. સાડા ચાર કલાકનું ગ્રહણ ખંડગ્રાસ કાળ ૧ કલાક ૧૭ મિનિટની અવધિ સુધી જોવા મળશે. રાજયકક્ષાનો કાર્યક્રમ અમદાવાદ, રાજકોટ ખાતે યોજાશે. જેમાં પૃથ્વીનો મિત્ર ચંદ્ર માનવી માટે અનેક પ્રકારે લાભપ્રદ છે તેની વિસ્તૃત માહિતી આપવામાં આવશે. અવકાશી ઘટનાઓ જોવા–માણવા માટેની હોય છે. ગ્રહો કે ગ્રહણોને માનવજીવન સાથે કશી જ લેવા–દેવા નથી તેની સમજ આપવામાં આવશે. ચંદ્ર દર વર્ષે બે સેન્ટીમીટર ખસે છે. ભવિષ્યમાં આશરે ૪૭ કલાકનો દિવસ પણ બનશે. ગ્રહણ પૂનમ–અમાસનો સાથ છોડી ગમે તે તિથીએ ગ્રહણની ખગોળીય ઘટના બનશે. ભરતી–ઓટના વૈજ્ઞાનિક કારણની માહિતી આપવામાં આવશે. વૈજ્ઞાનિકો ખગોળી ઘટના વખતે માનવ કલ્યાણકારી સંશોધનો આદરે છે. ચંદ્ર–મંગળ ઉપર માનવી વસવાટ કરી શકે તે માટેની તૈયારી આરંભી દીધી છે. વિજ્ઞાનથી માનવજાત સુખી–સંપન્ન થયો છે. જયારે ગ્રહણ સમયે લેભાગુઓ, અમુક જયોતિષીઓ નકારાત્મક આગાહીઓ, રાશિ ફળ કથનો, કર્મકાંડ–ક્રિયાકાંડો તરફ દોરી જઈને ગુમરાહ કરવાનું કામ કરે છે. લોકોને આર્થિક પછાત રાખવાના ષડયંત્રના ભાગરૂપે ગ્રહણ સમયે જપ–તપ, દાન–પુણ્ય, સૂતક–બૂતક, વેધાદિ નિયમો પાળવાનું બતાવી અવળ માર્ગે વાળે છે. વાસ્તવમાં સૂતક–ગ્રહણના પાળવાના નિયમો નર્યો બકવાસ છે. ગ્રહણની રાજકીય–ભૌગોલિક અસરો લેભાગુઓના મનની ઉપજ છે. ગ્રહણના લાભાલાભ, શુભ–અશુભ, હોની–અનહોની વિગેરે દર્શાવવામાં આવે છે તે નર્યું તુત છે. ભારતના લોકો મોડી રાત્રીના પોતાની અગાસી કે પસંદગીની જગ્યા ઉપર ગ્રહણ દૂરબીન, ટેલીસ્કોપથી નજારો જોવા આહવાન કરવામાં આવ્યું છે.

વધુમાં પંડયા જણાવે છે કે પૃથ્વી ઉપર હજારો સૂર્ય–ચંદ્રગ્રહણો પસાર થઈ ગયા હવે પછી પણ પસાર થવાના છે ત્યારે ગ્રહણની અસરોની હકિકત માત્ર ને માત્ર બકવાસ વિજ્ઞાને સાબિત કરી છે.

કુદરત–પ્રાકૃતિક નિયમો અનુસાર પૃથ્વી ઉપર દર મિનિટે સારી–ખરાબ, હોની– અનહોની ઘટના બનવાની જ છે. તેને કોઈ રોકી શકતું નથી. તેને પ્રાર્થના–પૂજાપાઠ, હોમ–હવન, જપ–તપ સાથે કશી જ લેવાદેવા નથી.

વિજ્ઞાન આગોતરી જાણકારી આપી સાવધાન કરે છે તેને અટકાવી શકતું નથી. ટી.વી. ઉપર પળ–પળની માહિતી નજરે જોઈ શકીએ છતાં અવિજ્ઞાન જયોતિષ તરફ રૂચિ રાખવી તે માનવીની દરિદ્ર માનસિકતા છે. ભારતમાં સદીઓથી સંકટ, ભયાનકતા, દુઃખ ટાળવા અનુષ્ઠાન, પૂજાવિધી વિગેરે જોવા મળે છે જયારે યુરોપ ખંડમાં સંશોધનો આદરી તેમનો સામનો કરવા શીખડાવવામાં આવે છે. જાથા લોકોમાં મનોબળ દ્રઢ કરવા અનેક કાર્યક્રમો આપે છે. માનસિક નબળા લોકોને અનેક પ્રકારની અસર સાથે ક્રિયાકાંડો કરવા પડે છે તેમાં બરબાદી મળે છે તે માટે પોતે જવાબદાર છે. જાથાએ સમગ્ર ભારતમાં ગ્રહણનો નજારો જોવા માટે અભિયાન આદર્યું છે.

એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે ભારતમાં સદીઓથી ગ્રહણ સમયે હિન્દુઓ માટે જ વિધિ–વિધાન છે. મંદિરો બંધ રાખવાનું તર્ક સમજાતું નથી. ગ્રહણ પહેલાની કલાકોમાં વેધાદિ નિયમો પાળવાના તુત આપણા દેશમાં જોવા મળે છે. ગ્રહણ સંબંધી રદ્દી માન્યતાઓ, રિવાજો, પરંપરાઓ, દંતકથાઓ વિગેરે જે તે સમયે સ્તુત્ય હશે પરંતુ ૨૧ મી સદીમાં તદ્દન અવાસ્તવિક, અતાર્કિક, અવૈજ્ઞાનિક હોય તેને તિલાંજલિ આપવી જોઈએ. ભાવિ પેઢીને વિજ્ઞાન દ્રષ્ટિકોણ–અભિગમ આપવાની જરૂર છે.

રાજયમાં ગામે–ગામે, જિલ્લા–તાલુકા મથકે જાથાના સદસ્યો, શુભેચ્છકો, જાગૃતો પોતાના વિસ્તારમાં વિવેકબુદ્ધિથી એકઠા થઈ અવકાશી નજારો નિહાળવાના કાર્યક્રમ સાથે ચા–નાસ્તો કરી, વેધાદિ નિયમનો ઉલાળીયો કરી નકારાત્મક આગાહીઓની હોળી કરી જાગૃતતા લાવવા જાથા અપીલ કરે છે. ગ્રહણ સંબંધી ફોટોગ્રાફસ જાથાને મોકલવા અનુરોધ કરવામાં આવ્યો છે.

રાજયમાં અમદાવાદ, રાજકોટ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, ખેડા, નડિયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, સુરત, નવસારી, વલસાડ, વાપી, હિંમતનગર, રાજપીપળા, ડાંગ–આહવા, છોટા ઉદેપુર, ગોધરા, વ્યારા, પંચમહાલ, મોડાસા તેમજ સૌરાષ્ટ્ર–કચ્છના જિલ્લા– તાલુકા મથકે જાગૃતો સ્વયં આયોજન કરી ખંડગ્રાસ ગ્રહણ નિહાળશે.

અંતમાં પોતાના ગામમાં ગ્રહણ નિદર્શન કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

### રાજયની નામાંકિત એન્જિનીયરીંગ કોલેજ DAIICTમાં પ્રવેશ મેળવીને

# ભૈ વાહ : અમરેલીની ઓકસફર્ડ સ્કૂલનાં ધો. ૧૨ સાયન્સ A ગૃપનાં વિદ્યાર્થીઓએ સમગ્ર જિલ્લામાં ડંકો વગાડયો

## રાજયની અલગ–અલગ નામાંકિત કોલેજમાં ૮૭ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે





અમરેલી, તા. ૧૮

ઓકસફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ ધો. ૧૨ સાયન્સ પરિણામમાં છેલ્લા નવ વર્ષથી સમગ્ર અમરેલી જિલ્લામાં પ્રથમક્રમે આવે છે.

આ સંસ્થાનાં એ–ગૃપનાં વિદ્યાર્થીઓ બોર્ડ અને ગુજકેટની તૈયારી કરી શ્રેષ્ઠ પરિણામ લાવે છે. જેના ભાગ સ્વરૂપે આ સંસ્થામાંથી છેલ્લા ભાર વર્ષમાં ૧૪ વિદ્યાર્થીઓએ ગુજરાત રાજયની પ્રથમ ક્રમાંકિત ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી (DAIICT) – ગાંધીનગર કોલેજમાં પ્રવેશ મેળવેલ છે.

આ કોલેજમાં સમગ્ર અમરેલી જિલ્લામાંથી માત્રને માત્ર ઓકસફર્ડ સ્કૂલના જ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે. જે સંસ્થા માટે ખૂબ જ ગૌરવની વાત છે. ઉપરાંત નામાંકિત એન્જિનીયરીંગ કોલેજ NIRMA, DDU ચાંગા, PDPU, L.D. અને ચાંદખેડામાં આ સંસ્થાના કુલ ૮૭ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

આ સંસ્થા ધ્વારા હંમેશા મૂલ્ય શિક્ષણ આપવામાં આવે છે જેનું આ પરિણામ છે.

### સમગ્ર રાજયની સંસ્થાઓ કે ગામોમાં લગાવવા ઈચ્છતા હોય તેઓએ

# બાબરાનાં ચમારડીનાં વતની ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા સરદાર પટેલની પ્રતિમા લગાવવામાં સહયોગ કરાશે

## ચમારડી અને સુરત ખાતેથી તૈયાર પ્રતિમા મેળવવા મો.નં. ૯૫૫૮૧ ૪૧૩૯૯ પર સંપર્ક કરો

અમરેલી, તા. ૧૮

બાબરાનાં ચમારડીનાં વતની અને સુરત સ્થિત ભામાશા ગોપાલભાઈ વસ્તરપરા છેલ્લા એક વર્ષથી ગામે–ગામ સરદાર પટેલની પ્રતિમા લગાવવાનો ભગીરથ પ્રયાસ કરી રહ્યાં છે અને અંદાજિત ૧૫૦થી વધુ પ્રતિમાઓ જુદા–જુદા ગામો અને સ્થળોએ લગાવવામાં આવી છે.

આગામી ૩૧ ઓકટોબરનાં રોજ સરદાર પટેલની જન્મજયંતિ હોય સમગ્ર રાજયમાં જે કોઈ સંસ્થા, સંગઠન, ગામ પંચાયત કે અન્ય કોઈ વ્યકિત જાહેર સ્થળોએ સરદાર પટેલની પ્રતિમા લગાવવા ઈચ્છતા હશે તેઓને ચમારડી અથવા તો સુરત ખાતેથી પ્રતિમા મળશે અને તેની વિગતો માટે સાગરભાઈ મો.નં. ૯૫૫૮૧ ૪૧૩૯૯ પર સંપર્ક કરવા જણાવાયું છે.



### સાસંદ, નાયબ દંડક સહિતના રાજકીય આગેવાનો દ્વારા થશે સ્વાગત

# વેરાવળ-વડિયા-કુંકાવાવ-ચિતલ-બાંદ્રા વચ્ચે આવતીકાલથી વિધિવત બ્રોડગેજ રેલ્વે શરૂ

## જાહેર જનતાને નજીકના રેલ્વે સ્ટેશનને જોડાવવા અનુરોધ

અમરેલી, તા. ૧૮

અમરેલીનાં સાંસદ નારણભાઈ કાછડીયાનાં પ્રયાસોના ફળસ્વરૂપે મજુર થયેલ સાપ્તાહિક વેરાવળ, બાદ્રા એકસપ્રેસ ટ્રેન આગામી તા.૨૦ ઓકટોબર–૨૦૨૩ને શુક્રવાર નાં રોજથી સંચાલીત થનાર છે.

ત્યારે તા. ૨૦ ના રોજ સાંસદ નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને ધારાસભ્ય દ્વારા સાંજે ૫ કલાકે નવી ટ્રેનનું સ્વાગત કરી ટ્રેનને લીલીઝડી આપશે

તેમજ સાંસદ સહિતનાં પદાધિકારીઓ વડીયા ખાતેથી ટ્રેનમાં બેસી લાઠી સુધીની મુસાફરીનો લાભ પણ મેળવશે.

જિલ્લા અને તાલુકાના પદાધિકારીઓ દ્વારા વડીયા, કુંકાવાવ, લુણીધાર, ચિતલ, ખીજડીયા અને લાઠી એમ તમામ સ્ટેશનો પર ટ્રેનનું સ્વાગત થનાર છે.

ત્યારે નવરાત્રીનાં પાવન દિવસોમાં વડાપ્રધાન નરેન્દ્ર મદીની સરકાર દ્વારા અમરેલીને મળેલી આ બહુમુલ્ય ભેટને ભાવપુર્વક આવકારવા તથા ટ્રેનનાં પારંપરીક સ્વાગત અર્થે રેલ્વે સ્ટેશન ખાતે ઉપસ્થિત રહેવા સાંસદે સૌને આમંત્રણ સહ અપિલ કરેલ છે.

### કર્મચારીઓને દિવાળીની ભેટ આપતી સરકાર

# સરકારી કર્મચારીઓના ફિક્સ પે.માં ૩૦ ટકાનો વધારો કરવામાં આવ્યો

## સૌ. યુનિ.નાં સિન્ડિકેટ સભ્ય પાર્થિવ જોષી દ્વારા આવકાર



અમરેલી, તા. ૧૮

વર્તમાન સમયમાં સરકારે કર્મચારીઓના હિતમાં અનેક નિર્ણયો જેવાયેલ છે.

જેમાં મોટા પ્રમાણમાં પંચાયત, પોલીસ અને શિક્ષણ વિભાગમાં જિલ્લા ફેર કરી સરકારે અનેક કર્મચારીઓને પોતાના વતનનો લાભ આપેલ છે, સાથે આજે સરકાર દ્વારા વિવિધ વિભાગમાં કામ કરતા ફિકસ–પે ના કર્મચારીઓના પગારમાં 30% જેવો ધરખમ વધારો કરી ૬૫ હજાર કર્મચારી પરિવારમાં દીપાવલી પર્વની ખુશીને બમણી કરી છે.

આ નિર્ણયથી કાર્મચારીઓ ૨૬ હજાર થી ૪૯ હજાર સુધી પગાર મેળવી શકશે, સરકાર હંમેશા કર્મચારીઓના ધ્યાને આવેલા પ્રશ્નોનું નિરાકરણ કરવા કટિબદ્ધ રહી છે

ત્યારે સરકારના આ ઐતિહાસિક નિર્ણયને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્ય પાર્થિવ જોશીએ આવકારેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# વડિયા-કુંકાવાવમાં આંતરરાષ્ટ્રીય તૃણ ધાન વર્ષ અંતર્ગત તાલુકા કક્ષાનો મીલેટ મેળો યોજાયો









મોટી કુકાવાવમાં આવેલ નવી પટેલ વાડી ખાતે આજે સવારે ૧૦ કલાકે તાલુકા કક્ષાના મિલેટ મેળો ૨૦૨૩નું સુંદર આયોજન કરવામાં આવેલ હતું જેમાં વિવિધ ડિપાર્ટમેન્ટ અધિકારીઓ, પદાધિકારીઓ, ગ્રામજનો તેમજ તાલુકાના ખેડૂતોએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો. ખેડૂતો ઓર્ગેનિક પદ્ધતિથી ખેતી કરે તેવી બાગાયત વિભાગ દ્વારા સમજણ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં એવું પણ જોવા મળ્યું હતું કે વડિયા કુંકાવાવ તાલુકાના અનેક ખેડૂતો ઓર્ગેનિક ખેતી તરફ વળ્યા હોય કાર્યક્રમની શુભ શરૂઆતમાં શાબ્દિક સ્વાગત પીએમ નારોલા તાલુકા અમલી અધિકારી દ્વારા કરવામાં આવેલો હતુ ત્યારબાદ દિપ પ્રાગટ્ય મહાનુભાવો તેમજ અધિકારીઓને વરદ હસ્તે કરવામાં આવેલ હતું.સાથે સ્વાગત કરવામાં આવેલ હતું તૃણ ધાન્ય ના મહત્વો, પ્રાકૃતિક ખેતી, બાગાયતી પાકોમાં મુલ્યવર્ધન, વિશેના વિવિધ પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવેલ. સાથે સાથે વાનગી સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવેલ જેમાં વિજેતા થયેલા ઓને પુરસ્કાર આપી પુરસ્કૃત કરવામાં આવેલ હતા. આજના આ પ્રસંગે નાયબ બાગાયત નિરીક્ષક વાળા, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. પ્રજાપતિ, તાલુકા અમલીકરણ અધિકારી પી.એમ નરોલા, બાગાયત વિષય નિષ્ણાંત ડો.પૂજાબેન મહેતા,બાગાયત અધિકારી અવનીબેન ગોસ્વામી તાલુકા વિકાસ અધિકારી લીંબાસીયા, વિસ્તરણ અધિકારી માંગરોળીયા ખેતી અધિકારી વિકાસ અધિકારી ખેતી માંગરોળીયા કુંકાવાવ સરપંચ સંજયભાઈ ફોજી વગેરે અધિકારીઓની સાથે તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ અટાળા જીલ્લા પંચાયત શાસક પક્ષના નેતા વિપુલભાઈ રાંક તાલુકા પંચાયત પ્રમુખ પરષોત્તમભાઈ હિરપરા, ઉપપ્રમુખ સંગીતાબેન મનોજભાઈ હપાણી, કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર ચેરમેન મુકેશભાઈ સોલંકી,સદસ્ય પૂર્વીબેન વસંતભાઈ સોરઠીયા વગેરેની ઉપસ્થિતિમાં ધાન્યને લગતા પાકો તેની જાળવણી અને ઓર્ગેનિક ખેતી ઉપર વિવિધ વક્તવ્ય રજૂ કરવામાં આવેલ હતા.ખેડૂતોને પાકો થી થતા લાભો તેમજ ઓર્ગેનિક ખેતી ના લાભો વિશે માહિતગાર કરવામાં આવેલ હતા. કાર્યક્રમ ના સમાપન માં આવેલ તમામ મહેમાનો,અધિકારીઓ તેમજ ગ્રામજનો તમામનું આભાર દર્શન બાગાયત અધિકારી અવનીબેન ગોસ્વામી દ્વારા કરવામાં આવેલ હતું. સમગ્ર કાર્યક્રમનુ સ્ટેજ સંચાલન ઉદયભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવેલું હતું.

નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર

દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...

ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ, પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત Mo. 9327361084

ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત Mo. 97237 99091

ઓપીડી સમય સોમવાર થી શનિવાર સવારે ૯ થી ૨ સાંજે ૫ થી ૮

ઉપલબ્ધ સુવિધાઓ...
- નોર્મલ/જોખમી સિઝેરીયન ડિલીવરી
- પેઈનલેસ (પીડા રહિત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ખોડખાપણની સોનોગ્રાફી
- ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન
- વંધત્વની વૈજ્ઞાનિક/આધુનીક સારવાર/IUI
- ૨૪ કલાક કાર્યરત
- લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા

ઉપલબ્ધ સુવિધાઓ...
- રસીકરણ કેન્દ્ર
- નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
- આહાર સંબંધીત સમસ્યાઓ
- કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ સારવાર
- જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર

જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.


## ૨૬મી વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાસુમન



**સ્વ. કૌશીકભાઈ મનુભાઈ કોટડીયા**
સ્વ. તા. ૧૯-૧૦-૧૯૯૭ : અમરેલી

સારા કર્મોની સુવાસ સદાય રહેશે,મીઠી વાણી સદાય યાદ રહેશે,
દેહ ભલે અદ્રશ્ય થયો પરંતુ આપની યાદ હંમેશા અમારી સાથે રહેશે.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લી.

શૈલેષ એન. ઉકાણી (ભુરો)
કિરણ શૈલેષ ઉકાણી
પ્રજ્ઞા શૈલેષભાઇ ઉકાણી
ધરમ શૈલેષભાઇ ઉકાણી

અમરેલી


Sheetal

નવરાત્રી ઑફર

FREE

2 ટ્રેડિશનલ કુલ્ફી

Rs. 300/- ના બિલ પર

શીતલ રેસ્ટોરેન્ટ એન્ડ પાર્લર S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી. | શીતલ ગાર્ડન પાર્લર, અરલ પાર્ક, લાઠી રોડ રેલ્વે ક્રોસિંગ,અમરેલી. | શીતલ ગાર્ડન પાર્લર, અરલ પાર્ક, કોલેજ સર્કલ, અમરેલી.

તા. 15/10/2023 થી 23/10/2023 સવારે 10:00 થી રાત્રે 11:00



LG Life's Good.

India ka Celebration

Celebrate Festival with irresistible offers from LG.

FESTIVE EXCLUSIVE OFFERS

WIN LG DREAM HOME PACKAGE Every Day

GRAND PRIZE AUDI Q3

To participate in these offers, send an SMS <"First Name" "Last Name" GTM Code> to 7835073507

ADDITIONAL OFFERS

Up to 26%* Cashback / 1 EMI Free / 0* Down Payment

LG BEST SHOP
MUKUNDRAI AND BROTHERS
OPP. CAR CARE CENTER, CHAKAR GADH ROAD
AMRELI . 365601
Ph: 9408159606 / 9974772377



NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust Amreli

24/7 Emergency Services

Dr. Neel Chotai (M.B.B.S.,M.S.,DrNB-Urology)
Dr. Chetna Murarkar IVF Specialist Laparoscopic Surgeon
Dr. Ankit Gabani (M.B.B.S., D.ORTHO)
Dr. Rajesh Parvadiya (M.D. Physician)
Dr. Jagruti Chandpa (M.D. Physician)
Dr.Kalpesh Vaghasiya M.B., DCH (Pediatrician)
Dr.Pooja Chotai (M.S., Ophthalmology)
Dr. Shanu B. Kher MBBS, M.S. (ENT)
Dr. Pradip Dhaduk M.S. (General surgeon)

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ


नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः॥

# શ્રધ્ધાંજલિ



એક પળમાં જીંદગીનું સંભારણું છોડી ચાલ્યા ગયા,
જીંદગી હતી ટુંકી છતા લાગણી ઘણી મુકી ગયા,
હસીને હસાવનાર સૌને રડાવી ચાલ્યા ગયા,
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

**સ્વ. જીજ્ઞેશભાઈ જયંતિભાઈ ચાવડા**
સ્વ.તા. ૧૪-૦૮-૨૦૨૩
શનિવાર

લી.

| | | |
|---|---|---|
| કમલેશભાઈ ગરણીયા | નાજભાઈ પોપટ | મહાવિરસિંહ ગોહિલ |
| નિલેશભાઈ ધાધલ | વિક્રમભાઈ પોપટ | અનિરૂધ્ધસિંહ ગોહિલ |
| તુષારભાઈ જોષી | જગુભાઈ પોપટ | શક્તિસિંહ ઝાલા |
| યતિનભાઈ મજેજીયા | રાજવિરભાઈ પોપટ | યુવરાજસિંહ ચૌહાણ |
| પંકજભાઈ મકવાણા | અમનરાજ રાઠોડ | અમિતભાઈ જોષી |
| ભગીરથભાઈ વાળા | નયનભાઈ મકવાણા | કુલદીપભાઈ ગઢવી |
| રવિભાઈ શેખવા | વનરાજભાઈ ભુવા | નિતીષભાઈ મકવાણા |
| મેઘરાજભાઈ શેખવા | નિલેષભાઈ ખુમાણ | જીમીભાઈ પોપટાણી |
| શનિભાઈ ડાબસરા | સત્યજીતભાઈ ધાધલ | મેરામભાઈ વાઘોશી |
| પ્રતિકભાઈ આહિર | પ્રિન્સભાઈ પરમાર | પહુંભાઈ વાઘોશી |
| અશોકભાઈ ગરાસીયા | ઉદયભાઈ વાળા | ભાવીકભાઈ છત્રોલા |

**સેલારભાઈ સાર્દુળભાઈ પોપટ**
: અમરેલી :

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)